Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

अस्त्येतत्पुत्रपौत्रादिकमखिलमहो बन्धनायैव लोके,
द्रव्यं चातिप्रमाणं मदमलिनधियां केवलं दुःखदं स्यात् ।
नित्यं तच्चिन्तयित्वा मतिमलहतये प्राप्तये ज्ञानराशेर्,
आत्मानन्द प्रकाशं विदधतु हृदयेऽज्ञाननाशाय जैनाः ॥ १ ॥

पु. २२. | वीर सं. २४५०. आश्विन. आत्म सं. २९ | अंक ३ जो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ સ્યાદ્વાદ–બોધ તે વસ્તુસ્વરૂપ નિરધારની ચાવી.... ... | ૫૫ | ૪ શ્રીમદ્ દેવચંદ્રજી તેમનું જીવન અને ગુર્જર સાહિત્ય. ... | ૬૭ |
| ૨ દુઃખીનું આક્રંદ અને વિધિનું શાન્તવન. ... ... | ૫૬ | ૫ આપણા ભૂતકાળના ગૌરવો.... | ૭૪ |
| ૩ વિશ્વરચના પ્રબંધ.... ... | ૫૬ | ૬ વર્તમાન સમાચાર. ... | ૭૯ |
| | | ૭ સુધારો.... ... ... | ૮૦ |
| | | ૮ ગ્રંથાવલોકન. ... ... | ૮૧ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.
આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો. તૈયાર છે જલદી મંગાવો.

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ( ભાષાંતર. )

## ભાગ બીજો.

( અનુવાદક આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી )

પ્રથમ ભાગમાં પ્રભુના જન્મ મહોત્સવ વગેરે કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન, શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્ય જીવોને હિતકર ઉપદેશ કથાઓ સહિત આપવાની શરૂઆત છે. આ **બીજા ભાગમાં** અપૂર્વ તત્વજ્ઞાનનો બોધ એવો આપવામાં આવેલ છે અને તેની અલૌકિક રચના એવી છે કે પ્રથમ ભાગ કરતાં આ બીજો ભાગ અસાધરણ ગૌરવતાવાળો હોઇને આ ચરિત્ર ઉત્તમ શૈલીનું છે એમ વાચકવર્ગને નિસંદેહ જણાય છે.

આ બીજા ભાગમાં શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે અને અતિચારના સેવનથી થતું અશુભ ફળ અને વ્રતથી થતું શુભ ફળના પ્રત્યેક દૃષ્ટાંતો અને કથાઓ આપી છે, જે બીજે સ્થળે આટલું વિસ્તાર પૂર્વક મળવા અસંભવ છે; એટલુંજ નહિ પરંતુ તે કથાઓમાં બુદ્ધિનો મહિમા-સ્વાભાવનું વિવેચન. અદ્દભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિસ્તિ, ધાર્મિક પ્રભાવ, નૈતિક જીવન વિગેરે તત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ મનુષ્ય જીવનનો માર્ગદર્શક, જૈન દર્શનનો આચાર વિચારનું ભાન કરાવનાર અને તત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માને મોક્ષ પ્રાપ્ત કરવા માટે એક પ્રબળ સાધન રૂપ છે. ઘરમાં, પુસ્તકાલયમાં, નિવાસ સ્થાનમાં અને કોઇપણ પ્રસંગે સ્મરણ-મનન માટે પોતાની પાસે આ ગ્રંથ અવશ્ય હોવો જોઇએ.

ઉંચા એન્ટ્રીક કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા રેશમી કાપડના બાઈંડીંગથી અલંકૃત કરેલ છે. પાંચશો પાનાનો આ ગ્રંથ છે. **કીંમત રૂ. ૨-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો—**

પ્રથમ ભાગ ખરીદ કરનાર બંધુઓએ જલદીથી બીજો ભાગ મંગાવી લેવા નમ્ર સૂચના છે.

બંને ભાગના રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું.

---

# જૈન મેઘદૂત મહાકાવ્ય ( સંસ્કૃત મૂળ ટીકા સાથે )

અન્ય દર્શનીઓનાં કાવ્યોની જેમ જૈન દર્શનના વિદ્વાન મહાત્માઓએ પણ અનેક ઉત્તમ કાવ્યો કરેલાં છે; પરંતુ કેટલાંક સાધનોને અભાવે કેટલાક સમયથી તેમનું પઠનપાઠન બંધ થયેલું જોવામાં આવે છે. અને તેવા ઉત્તમ કોટીના કાવ્યો પ્રકટ પણ અલ્પ અંશે થાય છે. વર્તમાન સમયમાં સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને તથા જીજ્ઞાસુઓને સમયાનુકૂળ સાધનો પૂરાં પાડી આપવાં વિવિધ પ્રકારનું સાહિત્ય આ સભા પ્રકટ કરે છે. ઉપરોકત મેઘદૂત કાવ્ય શ્રીમેરૂતુંગ આચાર્યે રચેલ છે, અને તેની ટીકા શ્રી શીલરત્નસૂરિની કરેલી કે જે એક અદ્દભૂત કાવ્યરચના છે. જેથી કાવ્યના અભ્યાસીઓ માટે ખાસ આ મહાકાવ્ય સટીક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ કાવ્યનો પરિચય અતિ ઉપયોગી હોવાથી જનસમૂહમાં સહેલાઇથી તેનો પ્રચાર થવા માટે અનેક ભંડારોમાંથી અનેક પ્રતો મેળવી ઘણા પ્રયત્ને શુદ્ધ કરી તેને પ્રકટ કરવામાં આવેલ છે અભ્યાસીઓ માટે એક અપૂર્વ કૃતિ હોઇ અવશ્ય ખરીદવા યોગ્ય છે. કી. રૂા. ૨-૦-૦ પો. જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ किं भंते? जो गिलाणं पडियरइ से धगणे उदाहु जे तुमं दंसणेणं पडिवज्जइ? गोयमा! जे गिलाणं पडियरइ । से केणट्ठेणं भंते? एवं वुच्चई? गोयमा! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेणं पडिवज्जइ से गिलाणं पडियरइ त्ति। आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेण-ट्ठेणं गोयमा! एवं वुच्चइ-जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडियरइ ॥

पुस्तक २२ ] वीर संवत् २४५० आश्विन आत्म संवत् २६. [ अंक ३ जो.

ॐ

## स्याद्वाद्–बोध.

ते

## वस्तुस्वरुप निरधारनी चावी.

---

વસ્તુ સ્વરૂપ વિચારતા નિરધાર દુષ્કર દેખીએ,
ચાવીં જિનાગમ શૈલીં વિણ તદ્રુપ પૂર્ણ ન પેખીએ;
હઠવાદ જાય એકાન્તનો **स्याद्वाद** બોધ વિશેષથી,
અવલોકીએ વિધવિધતા તાત્વિક સુંદર તેહુથી.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " દુ:ખાનું આક્રંદ અને વિધિનું શાન્ત્વન. "

( ત્રોટક. )

आक्रंद— ( ૧ )

તુઝ લેખિનિ તે ગિર કર્યું ન ગઇ, ફિર કર્યું ન ગઇ ચુક કર્યું ન થઇ,
સુખ લેશ નહિં દુઃખ પૂર્ણ સહિ, મમ માનવ માન રહિત જહિ;
કચ્છુ કૌન સુણે કથું કોણુ કને, મુઝ આક્રંદ આજ અરણ્ય ઠરે,
વિધિહા ! વિધિહા ! ! વિકરાળ ખરે, પ્રતિકાર કરાવણુ કૈ–ન જરે.

शान्त्वन— ( ૨ )

તુઝ કર્મ કનિષ્ઠ કઠોર અતિ, ગત ચિત્ર વિચિત્ર વિલોક ગતિ,
સુખ દુ:ખ મળે કૃત કર્મ થકી, ગૃહિ સાર સુધારેં કૃતિ સુમતિ;
તજી ખેદ હવે ચિત્ત શાન્તિ ધરો, પ્રભુ પ્રેમ સુધારસ પાન કરો,
દુ:ખ દૂર જશે સુખ પૂર્ણ હશે, વિધિ વક્ર મટી અનુકુળ થશે.

વેલચંદ ધનજી.

# વિશ્વ રચના પ્રબંધ.

## " નિવેદન ૪ થું "

( ગતાંક પૃષ્ટ ૪૪ થી શરૂ )

જગતમાં મૂલ દ્રવ્ય છ છે. તેમાં પ્રથમ કહેવાયેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલ, આકાશાસ્તિકાય ને કાલ અજીવ–ચૈતન્યરહિત જડ છે ને છઠ્ઠું દ્રવ્ય જીવ છે. જીવ અરૂપી, અગુરૂ લઘુ, અતિ સુક્ષ્મ ને ચૈતન્યસ્વરૂપ છે. પણ તેનું પુદ્ગલના યોગથી અસ્તિત્ત્વ સમજી શકાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય ઉપયોગ, આહાર, ભય, મૈથુન પરિગ્રહાદિ સંજ્ઞાઓવડે યુક્ત ચેતનાવાન્ જીવ કહેવાય છે. મર્યા પહેલાની ને મર્યા પછીની સ્થિતિનો ફેરફાર જોઇ શકીએ છીએ ને કાંઇક વસ્તુના અભાવે શ્વાસોશ્વાસ આદિ બંધ પડી ગયેલા જોઇએ છીએ ને આ મરી ગયો એમ કહેવાય છે. પણ જે કાંઇક વસ્તુ ચાલી ગઇ તે શું ? આ પ્રશ્નના ઉત્તરમાંજ જીવની ઓળખાણુ સ્ફુરી આવે છે. સ્થલે સ્થલે પૃથ્વી જીવમય છે કારણુ કે પુરાણુમાં કહે છે કે **जले विष्णु** ઇત્યાદિ ચેતનાવંત એક જીવનું અસ્તિત્વ બતાવે છે, પણ ખરી રીતે અનેક જીવોનું અસ્તિત્વપણું છે. જ્ઞેયભાવે જીવોના પાંચ પ્રકાર છે તે મનનીય હોવાથી અહીં સુચવવા વ્યાજબી ધારૂં છું–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલો પ્રકાર એકેન્દ્રિય સ્ફટિક મણિ હીંગલો *[૯]વિદ્રુમ–ધાતુ, પત્થર, અબરખ, ખારો, વગેરે પૃથ્વીમાં ખાણમાં હોય છે ત્યાં સુધી તેમાં જીવ હોય છે તેને પૃથ્વી-કાય–એકેન્દ્રિય કહેવાય છે તેનું શરીર ઘણુંજ સૂક્ષ્મ હોય છે તે જીવોને સ્વશરીરની સાથે મોટામાં મોટો સંબંધ ૨૨૦૦૦ વર્ષ સુધી રહે છે પછી જીવોનો ફેરફાર થાય છે. આ વાત અતિશય જ્ઞાનથી સમજાય છે. શરીર છે તે પુદ્ગલનો વિકાર છે તેથી જીવ ચાલ્યો જતાં પુદ્ગલો મૂલ સ્વભાવમાં કે પરિવર્તન સ્વભાવમાં કાયમ રહે છે. જો કે આ પૃથ્વીકાયમાં જીવના પ્રગટ ચિન્હ દેખાતા નથી તો પણ વિશેષ વિચારણાથી તેમાં ચૈતન્યાન્વિત જીવો સમજી શકાય છે તેઓને ધતુરો કે દારૂ પીધેલાની જેમ અવ્યક્ત ચેતના છે. વળી જેમ શરીરમાં શ્વાસોશ્વાસ, ગુમડું, મસા વગેરેની વૃદ્ધિથી ચૈતન્યપણું જણાય છે તેમજ પૃથ્વીકાયમાં *[૯]પ્રવાલ માટી સમુદ્રના ઝાડ વગેરેમાં પોતાનીજ જાતના અંકુરા ફૂટે છે. તેજ રંગ-વાળા વળી હાડકા શીંગડાં વગેરે કઠણ હોવા છતાં તેમાં જીવ છે તેમજ પત્થર, *[૧૦]પ્રવાલ, સ્ફટીક વિગેરેમાં કાઠીન્ય હોવા છતાં જીવનું હોવા-પણું સિદ્ધ થાય છે આધુનિક વિજ્ઞાનીઓની શોધો પણ આ વાતને વધારે પુષ્ટ બનાવે છે ( ઓછે કહેલ આયુષ્યમાન ને દેહમાન બધાનુંજ નથી હોતું, પણ કોઈકનુંજ હોય છે એથી વધુ તો નજ હોય. ન્યુઝીલાંડમાં ૩૦૦૦ ફુટ ઉંડું પાણી છે, પાણીનો દેહ પરિણામ શીતરૂપ છે. " વૃષ્ટિ કુવા નદી તલાવ ઝરણાદિના દરેક પ્રકારના રસવાળા અને દરેક જાતિના પાણીમાં તેમજ ઝાકલ, ફરફર, બરફ કરા,

* વિદ્રુમ–પ્રવાલ–પરવાલો–તેની આધુનિક શોધમાં ઉદ્ભિજ્જ તરીકે ( ૧૭૨૦ માં મોસેલીસ વાસી પેરોલમ્પે વનસ્પતિ—પ્રથમ ઝાડરૂપે ને હાલ વનસ્પતિ રૂપે ) પીછા ને છે કપ્તાન બીચીએ જણાવેલ પરવાલા ૩૨ દ્વીપમાં મોટો દ્વીપ આશરે તેરકોશ ને નાનામાં નાનો દ્વીપ ૦। કોષથી અધિક છે. બાલ્ડેન બેટ દરીયાની સપાટીથી ૫૭ હાથ ઉંચો છે. પરવાલાના બેટો માંહેલો ગેમ્બીયર સમુદ્ર સપાટીથી ૮૩૨ હાથ ઉંચો છે. આ બેટો ખારા પાણીમાં થાય છે. પણ તેને ખોદતાં મીઠું પાણી નીકળે છે.

* ચાકવાલા પત્થરા—કુવા આદિમાં ચાર પાંચ કોશ ઉંડા ખોદવાથી કાંદાના છાલ જેવા માટીના ને પત્થરાના પોપડા જોવાય છે. કેટલીકવાર પડ વિનાના એ પત્થરો હોય છે, તેના પર્વતો પણ બનેલા હોય છે. તે પડોમા નાના પ્રકારના કંકાલ ( દેહના ખાંધા ) દટાયેલા દેખાય છે. તે પત્થરાના જેવા સખ્ત હોય છે જેને ફાસીલના નામથી ઓળખાવાય છે. એમ કહેવાય છે કે પડની ઉત્પત્તિના કાલે આ ફાસીલ સજીવન હશે. પડ વિનાના પત્થરામાં જીવનું ચિન્હ દેખાતું નથી તે અગ્નિના પ્રભાવે લુપ્ત થયું હશે—અથવા નિર્જીવ હશે.

આટલાંટિક મહાસાગરને ઉંડે તળીયેથી નીકળતા ચાકના પ્રત્થર જેવા પદાર્થ જીવ કંકાલમય છે તે નિઃસંદેહ છે. ઇંગ્લાંડની પશ્ચિમ તરફના આટલાંટિક મહાસાગરને ઉંડે તળીયેથી માટી કાઢી સુકવતાં સફેદ જેવી બને છે, પણ સુક્ષ્મદર્શક યંત્રથી તપાસતાં તે દરીયાઇ હાડપીંજર જેવી દેખાય છે. ઝુરલના માપવાળી જગ્યામાં આ સુક્ષ્માકૃતિ કિટાણું પંજર લાખો સમાય છે. ફાસીલ અને હાલના સમુદ્રના જીવમાં સામ્યતા છે. આ પડમાં પક્ષિના હાડપિંજર મળ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને ઘનોદધિમાં જે જીવો હોય છે તેને અપ્કાય એકેન્દ્રિય જાણવા. તેનું શરીર અતિ સૂક્ષ્મ હોય છે ને મોટામાં મોટું આયુષ્ય ૭૦૦૦ વર્ષનું હોય છે. પાણીનું સચૈતન્ય સ્પષ્ટ સમજવા ઉદાહરણો તપાસીયે તો હાથીની ગર્ભોત્પતિ સમયે કલલ સ્વરૂપમાં પ્રવાહીમાં પણ ચૈતન્યપણું રહેલું છે. પાણી સ્વયં દેડકાની પેઠે ઉત્પન્ન થાય છે. વાદલાના વિકાસથી આકાશમાંથી પોતાની મેળે પડે છે, તે ચૈતન્ય-ગુણ સુચવે છે. શીયાળાની સવારમાં થતી ઉષ્ણતારૂપ શ્વાસોશ્વાસ દેખાવાથી તેમજ વરાલ વગેરેની ઉત્પત્તિથી ને કટકા થવારૂપ ક્રિયાથી પાણીમાં પણ જીવો સમજી શકાય છે.

અંગારા, જાલ, ભાઠી, ઉલ્કાપાત, ઘસારાનો અગ્નિ, ને વિજલી એ દરેકમાં અગ્નિકાય એકેન્દ્રિય જીવો હોય છે, તેનું શરીર અતિ સૂક્ષ્મ હોય છે ને વધારેમાં વધારે આયુષ્ય ત્રણ અહોરાત્રીનું છે. જેમ *[11]આગીયો કીડો પતંગીયો જીવયોગે પ્રકાશવાળો છે, તાવની અંદરની ગરમી જીવ પ્રયોગે છે પણ નિર્જીવ પતંગીયામાં પ્રકાશ કે નિર્જીવ મનુષ્યમાં તાવ નજ હોય તેમ પ્રકાશને ગરમીમાં સદ્ભાવે અગ્નિમાં જીવ હોય છે. અગ્નિનો દેહ પરિણામ ઉષ્ણરૂપ છે સૂર્યાદિની ગરમી પણ આત્મસંયોગ પૂર્વક છે. પેટની જેમ અગ્નિ પણ આહૂતિથી વૃદ્ધિ–સંકોચવાલો થાય છે. આહૂતિના સત્ત્વને પચાવે છે ને વિષ્ઠાની જેમ છોલાને બહાર કાઢે છે. મતલબ કે અગ્નિમાં પણ જીવો છે.

શાન્તવાયુ, શુદ્ધવાયુ, ગુંજારવ કરતો વાયુ, વંટોલીયો, ઘનવાયુ, પાતલો-વાયુ, વગેરેમાં વાઉકાય એકેન્દ્રિય જીવો હોય છે, તેનું દેહમાન ઝીણું ને ઉત્કૃષ્ટાયુ ૩૦૦૦ વર્ષનું જાણવું–આ જીવો સિદ્ધાંજન કે દેવોની પેઠે અદ્રશ્ય દેહી છે. કાષ્ટ પત્થર કે પરમાણુમાં રહેલ અગ્નિની જેમ આ જીવોનું શરીર ચર્મચક્ષુથી દેખાતું નથી. તે ચેતનાવંત હોવાથી પરની પ્રેરણા વિના પણ ચરાચરપણે વર્તે છે.

વાયુકાયના દેહનો વિકાસ ફેલાવો ને સંકોચ પણ થાય છે. જે આપણે કીટસન લાઈટ, પ્રાઇમસ ચુલા આદિમાં જોઈ શકીયે છીયે. કાંદા, અંકુર, કુંપલા, લીલા ગાજર, મોથ, થેગી, કુવાર ગુગ્ગુલ ગલોને છેદાયા થકાં ઉગે છે તેમાં (ગૂઢ) સૂક્ષ્મદેહી ને અંતર્મુહુર્તના ઉત્કૃષ્ટાયુવાલા સાધારણ–વળી વૃક્ષોના પરિપકવ મૂળ, લાકડાં, છાલ, પત્ર,ફુલ, ફલ, બીજ એ દરેકમાં એકહજાર યોજનથી અધિક દેહમાનવાળો ઉત્કૃષ્ટને ઉત્કૃષ્ટ ૧૦૦૦૦ વર્ષના આયુષ્યવાળા પ્રત્યેક વનસ્પતિકાય એકેન્દ્રિય જીવો હોય છે–વનસ્પતિકાય જીવોના અસ્તિત્ત્વના લક્ષણો ચર્મ ચક્ષુથી ને બુદ્ધિ બલથી પ્રત્યક્ષપણે નીચે પ્રમાણે જોઇ શકાય છે. મનુષ્યની પેઠે ઝાડ છોડને

* આગીયો કીડો રાત્રે પ્રકાશે છે તેના પ્રકાશમાં બાજીઅની સ્ત્રીઓ ભરત ભરે છે. સંધ્યાકાળે પ્રકાશ કરવા વાળમાં ગુંથે છે. અમેરિકાના ઇન્ડીયનો માર્ગમાં અંજવાળું કરવા જોડામાં બાંધે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેલામાં પણ કોમલતા, તારૂણ્ય અને વૃદ્ધાવસ્થા જોઇ શકાય છે. હાથ પગ આદિ અવયવોથી મનુષ્ય પશુ આદિ વધે છે, તેમજ અંકુરા કુંપલો ડાખલી ડાલીઓ વગેરે અવયવોથી વૃક્ષ પણ વધે છે. વળી મનુષ્યની પેઠે પુંઆડ, આંખલી, કમલ કુમુદ, અંબાડી વગેરે વૃક્ષોમાં નિદ્રા તથા જાગ્રતાવસ્થા દેખાય છે. વળી લોભ, હર્ષ, લજ્જા, ભય, મૈથુન, ક્રોધ, માન, કપટ આહારને ઓઘ સંજ્ઞાઓ પણ વૃક્ષમાં દેખાય છે, જેમકે શ્વેતાર્ક કે આંકડો લોભવશ થઇને ધનને પોતાના મુલથી ઢાંકી રાખે છે, મેઘ ગર્જારવથી કે શીતલ મંદ પવનથી કેટલીક વનસ્પતિ અંકુરને ખીલવે છે એટલે કે હર્ષિત થાય છે, લજ્જાળુ મનુષ્યના હાથથી સંકોચાય છે. તે લજ્જા કે ભય વિકાર જાણવો. અશોક, બકુલ, ફણસ, તિલક વગેરે વૃક્ષો સાલંકાર નવ યૌવના સ્ત્રીના પગના પ્રહારથી તેનું મુખનું તાંબુલ નાખવાથી તેના સસ્નેહ આલિંગનથી ને તેના હાવભાવ કટાક્ષ સ્વરથી તત્કાલ ફલ આપે છે, ખરેખર એ મૈથુન સંજ્ઞાનો વિકાર છે. ખારેકને માટે પણ તેવું છે. કોકનદ મનુષ્યોનો પગ લાગવાથી હુંકારા ધારણ કરે છે તે ક્રોધનો ભાવ જાણવો. સ્વર્ણસિદ્ધિ હું કરાવનાર છતાં લોકો કેમ દુઃખી છે ? એવા અહંકારથી રૂદ્રવંતી રૂદન કરે છે તે માનનો વિકાર જાણવો. ઘણું કરીને સઘળી વેલડીયો પોતાના પાંદડાંથી વૃક્ષને ઢાંકી દે છે તે માયાનો વિકાર જાણવો. નાગરવેલ, ડાડમો, પ્રમુખને છાણ કે દૂધના દોહલા ઉપજે છે તે પૂર્ણ થતાં પત્ર ફલ કુલ રસથી વૃદ્ધિ પામે છે. ઉત્તમ ભૂમિ પાણી ખાતરના યોગે વૃક્ષો વધે છે ઝાડના મૂલ અસાર માટી ત્યજી ખાતરવાળી માટી તરફ વધે છે. પ્રતિકુલ સંયોગે ( પ્રતિકુલ આહારની જેમ ) ઘસાય છે તો તે આહાર સંજ્ઞા જાણવી. વેલા આ વાડ ઉપર ચઢે છે અને વેલની આંકડી છાયા તરફ જાય છે. નબળો અંકુર પણ ઢેફા કે કઠીન ભાગ ફોડી બહાર નીકળે છે તે ઓઘ સંજ્ઞા જાણવી, સૂર્યમુખા સૂર્ય સામું જુએ છે તે મોહવિકાર છે. પાંડુ ઉદર વૃદ્ધિ સોજા ક્ષય આદિથી જેમ મનુષ્યનું શરીર વિકારને પામે છે ને સ્નિગ્ધ પદાર્થ કે રસાયનથી કાંતિવાળું થાય છે તેમ વૃક્ષો પણ ઉત્તમ ખાતર આદિના સંયોગે અધિક શોભાદાર બને છે. સમુદ્રના કમલાદિનું દેહમાન મોટું જોવાય છે. મનુષ્યની પેઠે આયુષ્ય પણ નિયત હોય છે. આ બધા કારણોને લઈને વનસ્પતિમાં સ્પષ્ટ સમજી શકાય છે ને તેથીજ કહ્યું છે કેઃ—**जीवं पश्यामि वृक्षाणां अचैतन्यं न विद्यते, भाग १२,१८४,१७, यावत्संजायते किंचित् सत्वं स्थावर जंगमं, क्षेत्रा क्षेत्रस्य ( जड चैतन्य ) संयोगात्तद्विद्धि भरतर्षभ भगवद्गीता अ० १३ सर्वमिदमभ्यातः** આ સર્વ વનસ્પતિને આત્મા વ્યાપી રહેલો છે—છાંદોગ્યનીષદ્ પ્રપાઠક. ૩ઃ **तमसा बहुरूवेण पेष्टिताः कर्महेतुना, अंतः संशोभवंत्येते ( उद्भिज्जा स्थावराः ) सुख दुःख समान्विताः ॥ मनुस्मति**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે હાલના બુદ્ધિમાન વિદ્વાનોની શોધો તપાસીયે તોપણુ આ વાતની મજબુતી–પુરવણી–સાબીતી મળી શકે છે. ફ્રેંચ વિજ્ઞાની કવિ પોતાના ૧૮૨૮ ના પ્રાણી રાજ્યમાં લખે છે કે, આપણી પેઠે વનસ્પતિ પણુ સચેત ન હોઇ અમુક સલ્તનતની રીતીમાં જોવાય છે તેઓ માટી, હવા કે પાણીમાંથી હાઇડ્રોજન, ઓકસીજન, નાઇટ્રોજન વગેરે પોતપોતાના તત્વો લે છે અને કેટલાક જંતુની પેઠે મોઢું કે હોજરી ન હોવા છતાં નીચલી પંક્તિના જંતુની પેઠે રક્તાશય વગરની વનસ્પતિઓ વિવરદ્વારા આહાર લઇ દેહમાં પચાવે છે. વિખ્યાત સૂક્ષ્મદર્શક સો માનતો ત્યાં સુધી કરે છે કે વનસ્પતિ અને જંતુ રચનાની ગોઠવણનો પાયો એકજ છે બન્નેના શરીરના કોષની તુલના કરતાં સમાનતા જોવાય છે. કયારે બાચે સિદ્ધ કરી આપ્યું છે કે વનસ્પતિમાં પણુ આપણી પેઠે આકુંચનશક્તિ છે વનસ્પતિ પોતાના ચૈતન્ય કણુવડે ખનિજ પદાર્થ લઇ તેને પોતાના લાયક ખનિજ પદાર્થરૂપે પરિણુમાવે છે. પો. હકસેલી કહે છે કે પ્રાણી વિશ્વમાં ઝાડ હલકી જાતિના છે અને ભોજ્ય છે. અમુક પદાર્થોથી મિશ્રિત પાણીમાં બ્યાકટીરીયાજી વાતવાલું પાણી નાખવાથી અસંખ્ય સમુર્છિમ બ્યાકટેરીયાજી વાત તથા ૩૦૦ ઇંચવાલા બીજા જંતુઓ ઉપજે છે જે વનસ્પતિ હોવાનું મનાય છે. વનસ્પતિ ઓકસીજન લઇ કાર્બોનિક એસીડ બહાર કાઢે છે. જ્યારે તેની લીલી જાતી કાર્બોન લઇ ઓકિસજન બહાર કાઢે છે તથા પુરૂભુજ આદિની પેઠે એક અંગમાંથી બીજા અંગની ઉત્પત્તિ થઈ નવા જીવ નિવાસો બનવાની ઉદ્ભેદક્રિયા વનસ્પતિને હોય છે. કેટલા દરિયાઇ જંતુને સ્નાયુ હોતા નથી. બ્યામિવા અને રિજોષતાને હોજરી હોતી નથી તેમજ કેટલીક વનસ્પતિને સ્નાયુ, હોજરી હોતા નથી. જંતુઓ જંતુઓને ખાય છે તેમ ઇથ્થાલી વનસ્પતિ કીડાના શરીરને ખાઇ ઉદર પોષણ કરે છે વનસ્પતિ શ્વાસ પણુ લે છે આમલીલા વગેરે વરસાદથી હસે છે તેનો રસ લોહી જેવો હોય છે જેમાં ખરાબ ખોરાકની અસર થતાં તાવફોડા વિગેરે રોગો થાય છે અને વળી દવા કરતાં વનસ્પતિને આરામ પણ થઈ જાય છે. હાઇડ્રોસિઆ, નિર્કસ આસીડ ઝાડમાં નાખતાં મરી જાય છે અફીણુ કે કલોરોફોર્મની અસર પણુ વૃક્ષપર જલ્દી જાય છે તેથી અચેતનત્વ અને મૃત્યુ પામે છે. ઇથ્થાલીમની પેઠે તમાકુ અને વેરેંઠા પણુ કીડાને ખાય છે પત્રમાં રસ કાઢી તેમાં જીવ જંતુ સપડાતા બીડાઇ જાય છે. આમલી, કુમુદ–કમલ વગેરે સૂર્ય કે ચંદ્રના અંધારા અંજવાળાને પારખી શકે છે. તમામ ઝાડ, કાલિકા, સુંદા વગેરેના પાંદડા સૂર્યના પ્રકાશ વિના બંધ થઈ જાય છે. વનચંડાતિકા ઝાડના પાંદડા દીવસે બીડાઈ જાય છે, પણુ રાત્રે કે મેઘના અંધારામાં ખીલેલા રહે છે. લીલ પણુ પાણીમાં ચાલનારી વનસ્પતિની જાતિ છે, પાસિફીક મહાસાગરમાં લીલં બહુ ઉગે છે. કેટલાક ઝાડો પ્રકાશ શકિતવાળા છે. વનચાંડાલ ઝાડના પાંદડાં ગરમીમાં નાચે છે, હાથ ઘસી ગરમ કરી અડાડતાં પણુ તે નાચે છે. ગરમ મુલકની વનસ્પતિ ઠંડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશમાં ઉછરતી નથી તેમજ ઠંડા મુલકની વનસ્પતિ ગરમ દેશમાં થતી નથી. કદાચ યંત્રોદ્વારા ઠંડી ગરમીના ફેરફારો કરાય છે તો પણ તેને અનુકૂળ હવા પાણીના અભાવે તેને ઉગાડવામાં નિષ્ફલતા અનુભવાય છે, કેમકે યુરોપમાં હાર હાઉસીસમાં ઉછરેલ ગરમ દેશના રોપાઓ જેવા જોઈએ તેવા ખીલતા નથી. ગરમીના યંત્રોથી ઉષ્ણતા પુરી પાડવા છતાં હવા અને રોશનીની ખામી રહે છે વળી આથી એવું પણ સમજી શકાય છે કે-ગરમ દેશ ઝાડને પુષ્ટિકારક છે.

આપણો ખોરાક હોજરીમાં જઈ શુદ્ધ થઈ પુષ્ટિપ્રદ લોહી બને છે તેમજ વનસ્પતિનો ખોરાક પત્રમાં શુદ્ધ થઈ પુષ્ટિકારક રસ બને છે વનસ્પતિના મુળીયા હોજરીનું કામ કરે છે, ફરતો રસ લોહીની ગરજ સારે છે, પાંદડા ફેફસાંનું સ્થાન સાચવે છે, તેનાં મૂળ એવા શક્તિવાળા હોય છે કે ગમે ત્યાં પાણીના સ્થાનમાં પહોંચી જાય છે, એક બાવળના મૂળ પાણી માટે ૨૨ વાર ( ૬૬ ફુટ ) દુર રહેલ કુવામાં જઈને પડ્યા હતાં, વનસ્પતિની ઉત્પત્તિ તપાસીયે તો પ્રાણીના ગર્ભનું લોહી ધાતુવાળુ ભૂણ, ઇંડાનો પીળા રંગનો પ્રવાહી પદાર્થ, અને બીજના અંકુર ત્રણે એક જાતના પદાર્થ છે. વનસ્પતિમાં બીજા જંતુની પેઠે મૈથુન ધર્મ અવ્યક્ત છે. કેટલાક ઝાડ પુરૂષરૂપે, કેટલાક સ્ત્રીરૂપે અને કેટલાક બન્ને રૂપવાલાં હોય છે અને સ્ત્રી ઝાડમાં જનનશક્તિ એક કુલે કે બીજા જુદા જુદા કુલે હોય છે. સ્ત્રી જાતિને ( ગાંઠવાલો તંતુ ) ગર્ભકેસર હોય છે જેની નીચે બીજો ઉત્પન્ન કરનારો બીજકોષ હોય છે ઝુમકાકુલ, ફણિમણસાના કુલના ગર્ભકેસર ફરતા હોય છે જ્યારે ઘણાંતો સ્થિર હોય છે. પુરૂષ જાતિને પરાગ કેસર ( ભૂકિવાળો તંતુ થાય છે ) જેના ગર્ભકેસર સાથે સંયોગથી જનનશક્તિ છે આવી સ્થિતિના ઝાડ ફ્રાંસ કે ઈટાલિમાં અધિક પ્રમાણમાં છે. ફ્રાંસ અને ઇટાલીના, વેલિસ્નેરિયા, સ્પાઈરેલિસ-રોપાઓનો સમાગમ હેરત કરાવે તેવો છે તે રોપાઓ પાણીમાં ઉગે છે તેના નરકુલના રોપાઓ અમુક જાતના ઝાડપર ઠુમકી અને ઝાડી ડાલપર થાય છે અને સ્ત્રી કુલના રોપાઓ તેથી જુદા ઝાડપર સ્ક્રુ પેઠે ગોળ વીંટાએલ આંટાવાળી પાતળી લાંબી ડાલ ઉપર થાય છે. કુલો ખુબ થતાં નારીકુલના ડાલનો વર ઉતરી જાય છે જેથી કુલ પાણીની સપાટીયે આવે છે અને કુલ પોતાની ડાળીમાંથી ત્રુટી પાણીની સપાટીપર આવી નારીકુલ પાસે જાય છે. નારીકુલને અડતાંજ તે ફાટે છે ને તેનો પોલન નારીકુલમાં પડે છે. કેવો સમાગમ ?

વળી-વાલીસનેરીયા, સ્પાઇવાલીસનામે જલ વનસ્પતિ—કુંવારી હાલતમાંજ પાણી ઉપર આવે છે. એટલે પુંજાતના છોડનો પરાગ છુટી કુંવારા સ્ત્રી પુષ્પમાં મળે છે ને પાંદડું બંધ થઈ પાણીમાં ડુબી જાય છે. વળી એક સ્થાને એવી હકીકત છે કે-તળાવમાં નીપજનારી ગાજ વનસ્પતિને કુલોત્પત્તિ સમયે પુંપુષ્પનો મૃણાલ ત્રુટી પાણી ઉપર તરે છે તે વખતે સ્ત્રી પુષ્પ તુરત ઉપર આવે છે. તે પું-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પનો પરાગ મેળવવા ચારે બાજુ ફરે છે. નિષેક ક્રીયા થતાં જ તે પાણીમાં પેસી જાય છે અને ત્યાં ફલ પાકે છે. વનસ્પતિના મૈથુનનો આથી વધુ પુરાવો શું હોઈ શકે?

અત્યારે માંસ ખાનારી વનસ્પતિઓમાં સેંકડો નામ નોંધાયા છે. જેઓ કીડા, કરોળીઆ, માખીને પકડી ખાટારસમાં સડવીને ખાઈ જાય છે તે આ બીનાની શોધમાં તેના સ્વભાવનું વર્ણન પ્રથમ અમેરીકાના ઉદ્‌ભિજ્જ વેત્તા કર્ટીસે ઇ. સ. ૧૮૩૪ માં કર્યું હતું. વળી કાનબીયે પણ કર્યું હતું અને ૪૦ વર્ષ પછી હુકરે તે વાતની પુષ્ટિનું ભાષણ આપ્યું હતું. આખર ડાર્વીને ૧૫ વર્ષના પ્રયાસથી માંસ ખાનારી વનસ્પતિઓની નામવાર ઓળખાણ આપી હતી. જેમાંની કેટલીક નીચે મુજબ છે.

ડ્રસેરા ( સૂર્યશિશિર ) ઇંગ્લાંડ, આસામ, બર્મા, છોટાનાગપુર, હુબલી, મગરા અને વર્ધમાન આદિ દેશ–પ્રદેશમાં આ વનસ્પતિ થાય છે. જેના પાંદડાં ભૂમિમાં લાગેલા રહે છે તેને પાંચેક ઇંચ ઉંચા આસમાની ફુલ થાય છે. તેના પાંદડા પર ચીકાશવાલા સેંકડો નાના ભાગ હોય છે. તેની પર મચ્છર માખી આવતાં ચિકાશથી લપટી જાય છે. તેને પાંદડાવાળો મધ્યભાગ તરફ ઘસડી જાય છે. પોતે તેની ઉપર ઉંધા થઇ પોતાનો રસ જંતુપર નાખે છે એટલે કે પંદર વીશ મીનીટમાં માખી, મચ્છર વિગેરે મરી જાય છે, અંતે ચારથી દશ કલાકે પાંદડા સંકોચાઈ જાય છે. વળી પંદર વીસ દિવસે ઉઘડે છે અને ફરીવાર કાંટામાં નવોરસ જમા થાય છે. એક પાંદડામાં આવી હિંસક ક્રિયા બે વાર થયા પછી તે પાંદડું ખરી જાય છે.

સૂર્યશિશીર—માંસ, કુબી, પનીર પુષ્પરજ નખવાલા વિગેરે હરકોઈ પદાર્થને પચાવે છે. વળી આશ્ચર્ય છે કે તે ચરબી, તેલ અને જવખારની જાતના પદાર્થોને મુત્રની પેઠે કાઢી નાખે છે. ડાઇવાનીયાનીમાં પણ ઉપર પ્રમાણેજ હિંસકતા છે. તેના વાલને જંતુ અડતાં પાંદડા બીડાઇ જઇ જંતુને દાબીને મારી નાખે છે. આ વખતે તે પાંદડાને જોરથી જુદા પાડીએ તોપણ તુરત અવાજ કરી બંધ થઈ જાય છે. તે ૩૮ કલાકે કે આઠ દસ દીવસે ઉઘડે છે. અમેરિકન પ્રકૃતિત્વ વિદ્દટ્રિટ કહે છે કે આવી ત્રણ ક્રિયા થતાં આ પાન થાકી જાય છે.

આલન્દ્રો ભાંડા—આ મૂલ વિનાની જલમાં તરતી વનસ્પતિ છે. તે આસ્ટ્રેલિયા, યુરોપ અને હિન્દુસ્થાનમાં થાય છે. તેના પાંદડાને ચારે તરફ કાંટા પાંચ કે છ લાગેલા રહે છે અને જોનીશીરા પાસે કોષગ્રંથી હોય છે. પાંદડામાં ફરતું જંતુ તે કોશગ્રંથીને અડતાં પાંદના બે ભાગ બંધ થઇ જાય છે અને જીવ જંતુને કોશગ્રંથીના રસ સાથે જીરવી દ્રવીભૂત કરી પોતાના દેહને પોષે છે. આ વનસ્પતિની શોધ ષ્ટિનકોનને આભારી છે.

**પીંગીકુલા**—આ વનસ્પતિના પાંદડા પર કોરા ગ્રંથિવાલા કાંટા હોય છે. તેમાં જીવ જંતુ ચોંટી જતાં પાંદડા બંધ થઇ જંતુઓને જીરવી પોતાને પોષે છે. આ પાંદડાને ફરી ઉઘડતાં કલાક ૨૪ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્થાનિક વનસ્પતિ**—( આટ્રિકુલેરિઆ ) આ ગોળ મટોલ જેવા દેખાવની વનસ્પતિ હિંદુસ્તાનમાં ગંદા પાણીવાળા ઘણા સ્થાનોમાં ઉગે છે. તેને કોથળી હોય છે. જેમાં કોઇ કોઇ બાજુ નાના નાના કાંટા હોય છે. આ કાંટા અંદરની વસ્તુને બહાર આવવા દેતા નથી, પણ ઉંદરીયા કે સ્પ્રીંગના દરવાજાની પેઠે બહારની વસ્તુને અંદર જવા દે છે. તેજ કોથળીના મોઢારૂપ હોય છે. કાનખીલી કે મચ્છર તેમાં પેસી જાય છે, પણ બહાર ન નીકળી શકવાથી હવાના અભાવે મૃત્યુ પામે છે અને તેનું શરીર કેટલોક વખત સડયા પછી તે વનસ્પતિનું પોષણ કરે છે.

**ભેરી**—( સારાસીનોયા ) વનસ્પતિ ઉત્તર અમેરિકામાં થાય છે. તેના ઘણા પાંદડા ભેગા થઇ જવાથી ઘડા વનસ્પતિ જેઓ ઢાંકણવાળો દેખાવ બને છે. તેનું ઢાંકણું નિયમિત કાલે ઉઘડે છે. અને બંધ થાય છે. તે ઉઘડતાં કીડી પતંગ વગેરે પાણીના લોભે તેમાં આવે છે. અને તે મરી જાય છે. આખરે ભેરી પણ ગંધાઇ ઉઠે છે ઘડા વનસ્પતિ ( વૈ૦ નેપુન્થેસ પીટચર પ્લાન્ડઝ ) સર્વ વનસ્પતિ ઘડા. વનસ્પતિ બહુ માંસાશી છે. તે પીનાંગ આસ્ટ્રેલિયામાં થાય છે. તેને મીજાગરા જેવું ઢાંકણ અને મુખ આગળ સુગંધી મધ હોય છે. ક્ષુદ્ર જંતુઓ મધને ખાવા માટે ઘડામાં પેસતાં અંદર વાલમાં મુંઝાઇ મરે છે અને પીગલાઇ જઇ ઘડા વનસ્પતિનું ખોરાક થાય છે–બીહાર પ્રગણાના ખેતરોમાં એક નાનું લાંબા વૃન્તથી ઘેરાએલા લાલ પાત્રાવાલું અજાયબી ભરેલું ઝાડ થાય છે તેના પાતરા ( પાંદડા ) માં મધ જેવો દેખાવનો ચીકણો રસ હોય છે. માખીઓ ચોંટી જતાં વૃન્તો વાંકા વળીને થોડીવારમાં તેને ચુસી નાખે છે.

**માલાકાઝાંજિ**—આ વનસ્પતિ બંગાલના તળાવોમાં નજરે પડે છે. તેના પાંદમાં કીડીઓ સહેલાઇથી પેસી શકે તેવી નળીઓ હોય છે. કીડીઓ તેમાં પેસી પાછી નહીં નીકળી શકવાથી નાશ પામે છે. પીચારઝાડને–ચીકણા પદાર્થવાળા વાસણનાં આકારના પત્રો હોય છે. કીડા તેમાં ગયા પછી પાછા નીકળી શકતા નથી. તેમાં ઘણા તીક્ષણ કાંટા અને ઢાંકણ હોવાથી કોશેષો નિષ્ફલ જવાથી નિસ્તેજ બની નાશ પામે છે.

ફ્રેંચી કહે છે કે–ખાંસીયો છોડ ધુલથી ચીઢાય છે અને તે ધુળ ઉડાડતાં એક ગેસને છોડે છે. જ્યારે તે આબાદ ઉધરસ ખાય છે.

ઇંગ્રેજો કહે છે કે–વૃક્ષો લખી શકે છે. એક અમેરીકન ઝાડ પોતાની વડવાઇ વડે કરીને પોતાની પાસે અમુક હદમાં આવેલ મનુષ્ય કે ઢોરને ખેંચી નાખી મારી નાંખે છે–આ કુદરતનું દૃષ્ટાંત છે. બેલશિંગ નામે અમેરીકન વનસ્પતિ કીડીયોના સહવાસ વિના સુકાઇ જાય છે. આ વિયોગનું દુઃખ સુચવે છે. (સંભવે છે. ) સેવાલ વનસ્પતિની જાત છે. ત્રણ કાલે ત્રણ રંગ લેવાવાળા ફુલોના ઝાડો છે. માત્ર સાંજેજ સુગંધી બનતું ત્રિકોણાકૃતિ ફુલ થાય છે. ( વિ. ૮૦ થી ૮૨ ) ખાતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલના પાંદના છીદ્રમાંથી પાણી ઝરે છે. વળી ટીહાટી પીસ નામે એક ઝાડ થાય છે. જે સવારે શ્વેત, બપોરે લાલ, રાત્રે આસમાની બને છે. તે પરથી સમયની ખબર પડે છે (વિ. ૮૫) જાશિંગટો પર્વતના અજાયબી ઝાડનાં પાંદને વાલના ગુચ્છા છે. તેનું પશુ કે નરપર વિચિત્ર પરિણામ આવે છે (વિ. ૮૬ થી) આફ્રીકાના અમુક જાતના ઝાડના બી પાણીમાં નાંખી ઉકાળવાથી માખણ રૂપે બને છે (વિ. ૮૬) છ હજાર વર્ષથી જુના મીસર ખંડીયરના કુલો જલમાં નાખતાંજ ખીલતા થાય છે.

અજાયબ વનસ્પતિઓ—મદ્રાસના અંત્રતપુર જીલ્લાનું ખજુરીનું ઝાડ મધ્ય રાત્રીથી નીચે પડવા માંડે છે. બપોર પહેલાં તદન સુઇ જાય છે અને પછી ઉભું થવા માંડે છે. મધ્ય રાત્રી પહેલાં તદ્દન ટટ્ટાર થઇ જાય છે. લોકો તેની માનતા કરવા લાગ્યા છે. (૨૧. ૨૬) ખોશાલશેખને ત્યાં પણ આવીજ જાતનું ખારેકનું ઝાડ હતું. કડી ખાતે સદ્ માતા સામે જુના પીપલામાં હુઉ હુઉ અવાજ થાય છે. જેના કારણે અજ્ઞાન માન્યતા શરૂ થએલ છે. (જે ૨૧, ૨૬)

દક્ષિણ મહારાષ્ટ્રમાં અહવાશતીરૂ નગરથી નવગાઉ દુર કુરૂકીપુરી ગામમાં તલાવ કાંઠે એક ઝાડ છે તેની નીચેનું પાણી અને પત્રના સેવનથી હરકોઇ રોગ નાબુદ થાય છે. અમેરિકાના નીવાડી પ્રાંતમાં છ સાત ફુટ ઉંચું અને ત્રણ હાથ પહોળું એક ડાકી વૃક્ષ છે તે અતિ તેજથી પ્રકાશે છે. તેની રોશની એક માઇલ દુરથી દેખાય છે. તેના તેજથી સુક્ષ્મ ઝીણા અક્ષરો વાંચી શકાય છે. આતે શું કલ્પ વૃક્ષ હશે ?

એક એવું ઝાડ છે કે જેના કુલો સુકાતાં ઝાંઝરની ગરજ સારે છે. ખરેખર શબ્દ કરે છે. નીલાચારના સિદ્ધ બકુલ વૃક્ષના પાંદડા ત્વચા સાથે લાગી રહેલા છે. વૃન્દાવનમાં શેઠના ઘરમાં અને રામેશ્વર દેવના મંદિરમાં ગરૂડ સ્તંભ (સોનાના તાડ) છે. આવીજ રીતે રૂપાના તાડ ઉગ્યાનું સંભળાય છે. મદ્રાસના કાંચિપુરના સદાફળા આંબાને ચાર દિશાની ચાર શાખાઓમાં, ખાટી, ગળી, તીખી, ને કડવી કેરીઓ થાય છે. આ આંબો પ્રથમ હંમેશાં એકેક કેરી આપતો હતો. પાલીતાણાના મસાણ પાસે બે માથાવાળા બે ખજુરીના વૃક્ષો છે. આવીજ સ્થિતિની ખજુરી બીજે કયાંક પણ છે. એમ પ્રવાસી પત્રમાં જાહેર થએલ છે.

ન્યુઝીલાંડમાં એક જાડના કુલમાં ગુંદ જેવો પદાર્થ થાય છે, તેને પક્ષી ખાવા જતાં ચોંટી જાય છે. હિંદુસ્તાન બેલુડ બારાસેટ ખોશાલ શેખને ત્યાં ખારેકનું વૃક્ષ રાત્રે ત્રણવાગે પડી જાય છે ને સાંજે ઉભું થાય છે. આફ્રિકામાં એક વનસ્પતિ એવી છે કે જેમાં માખીઓ ચોંટી જાય છે. જૈન દર્શનમાં પાદોપગમન વનસ્પતિ માટે લખ્યું છે તેની તપાસ કરો. (ધન્વંતરી વિવિધ વિજ્ઞાન ૪૦૧)

બંગાલી શોધકે પત્થરમાં ને વનસ્પતિમાં સચૈતન્યની શોધ કરી છે. પાણી માટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરેના સંયોગોમાંથી જુદા જુદા ઝાડ પોતપોતાને પથ્ય પદાર્થ શોધી લઈને પુષ્ટ બને છે. કેટલાક ફુલો મર્યાદિતપણેજ સુગંધી લે છે. કેટલાક વૃક્ષો નિયમિતપણે સુવે છે. મિ. એફડવીંન કહે છે કે રીસામણીને સ્વપ્ન પણ આવતાં હશે, કારણ કે તે એકદમ જાગે છે ને પાછી ઉંઘી જાય છે. અમેરીકન પ્રખ્યાત ડોકટર હોલી કે જેણે "શ્રી ઓરીજીન ઓફ્ લાઇફ્" નામે ગ્રંથ લખ્યો છે તેમાં તે ડ્રોસીરા વનસ્પતિ છોડ વિષે લખે છે કે તેના પાંદડાંપર કોઇ જંતુ બેસતાં તેના છોડના કાંટા અંદરની પાસેવાળી જંતુને પકડીલઈ ચુસીને ફેંકી દે છે, તે ક્રુર છોડ માંસાહારી છે. તેના જેવું બીજું શું ? ડાયોનીયમસકીથ્યુલા ૨ ચીનસનું માખીઓ પકડવાનું કુર યંત્ર નામનું ઝાડ પણ છે. આ બીજી જાતનું ઝાડ નાના જીવજંતુનું જ ભક્ષણ કરતું જણાય છે, કેટલાક જનાવરો આ વનસ્પતિને અનુકુળ આવતા નથી, તેથી જ્યારે તેને કાંઇ એવું ખાવામાં આવે છે ત્યારે તેને આપણા અપચાની પેઠે વિકાર થતો જણાય છે! વળી આ પ્રોફેસર કહે છે કે આ વનસ્પતિઓમાં મોટો ફેર ગતિનો માનવામાં આવે છે, પણ તે વાસ્તવિક નથી. વનસ્પતિની સચેતનતા માટે ઉપરની વાત બહુજ જોરવાળી છે. બ્લેડરવોર્ટ છોડની ડાળીયો ઉપર ગોળ દડા જેવા આકાર બંધાયેલા હોય છે તેના ઉપરના ભાગમાં પડદો હોય છે જેપર જનાવર બેસતાં પડદો અંદર દબાઇ જંતુને અંદર પોકલમાં નાખી પડદો પોતાની જગ્યાએ આવે છે. આ પ્રમાણે આ વનસ્પતિ છલકપટવાળાં કાવત્રાં બાજ છે! ફ્લાયકેચ ( માખી પકડનાર ) છોડપર ગુંદર જેવો રસ પથરાઇ રહેલો હોય છે. જનાવર ફસાતાં તે ધીરે ધીરે જનાવરનું ભક્ષણ કરવા માંડે છે, ડોસીરા છોડથી ના ઇંચ જેટલે છેટે ઉંચી માખી ટાંગીયે તો તે થોડીવારમાં પોતાના પાંદડાના કાંટા તે તરફ ઉંચા કરીને તેને પોતાના પંજામાં સપડાવે છે. વળી એક જાતનો એવો છોડ છે કે જે પોતાના મધના ફુલને ચુસવા આવેલ માખીયોની સુંઢને પોતાના ઝીણા તંતુઓથી પકડી લે છે. તે મરી જાય ત્યાં સુધી પકડી રાખે છે ( સમાલોચક પુ. ૧૯ ૧૯૦૪ જુલાઇ અં. ૭ ) ઉપર પ્રમાણે આધુનિક શોધકોના અનુભવમાં આવેલું છે. હવે તેના આયુષ્ય અને દેહમાન તરફ લક્ષ દોડાવીયે. બોધી સત્વની શાખા ૨૦૦ વર્ષથી ચાલતી સિંહલદ્વીપમાં વિખ્યાત છે રાણાજ જુના રાજનું રાયણનું ઝાડ શત્રુંજય ઉપર વિદ્યમાન છે. પ્રયાગ પાસે ભોંયરાના વડની પણ તેજ સ્થિતિ નીહાળાય છે. જે ૧૫૦૦ વર્ષનો હોવાનું કહેવાય છે તેને માટે બ્રાહ્મણોએ એવી કિંવદન્તી ચલાવી છે કે મુકુંદ બ્રહ્મચારી આ વડ નીચે મરી સમ્રાટ્ અકબર થયો હતો. તે તથા ગયાનો સીતાવડ, વૃન્દાવનનો શ્રંગારવડ, વંશીવડ, અને અમૃતવડ, ગોવર્ધનનો દધિપમવડ, કદમ્બપાસેનું કદમ વૃક્ષ, શાલગ્રામ દ્વારકાનો, પીપ વ્યાસનું બકુવૃક્ષ અને બુદ્ધનું મહાબોધિ શિવ ધર્મની દંતકથાના આધારે તેજ સ્થિતિ વાળા પ્રાચીન નીહાળાય છે. સુરતમાં પંડોળી પોળમાં ૫૦૦ વર્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના દસ્તાવેજમાં નોંધાયેલું એટલે કે દસ્તાવેજના કાળ પહેલાંનું વડનું ઝાડ છે, ઇજીપ્તની મમઇમાંથી બે હજાર વર્ષના નીકલેલા બી વાવ્યાથી ઉગે છે. યુનાઇટેડ સ્ટેટના કેલીફોનીયામાં ટુલેર પ્રગણાના જંગલમાં એક મુલકમાં ૧૦૮ ફુટ ઘેરાવાળું અને ૧૨ ફુટની ઉંચાઇએ ૭૬ ફુટ ઘેરાવાવાળું બાલ ઝાડ છે ( સત્ય વર્ષ ૨ પૃષ્ટ ૩૨૦ પછી ) ખજુરી ૩૦૦ થી ૪૦૦ વર્ષની હોય છે, જેરૂસેલમમાં ઓલીપ્લા ઝાડો ૮૦૦ વર્ષના છે, પચાસ ફુટ ઘેરાવાળું ચેસનટ ઝાડ હજાર વર્ષનું છે. ૫૦૦૦ વર્ષથી જુના પણ ઝાડો મળી શકે છે ( વિશ્વ ૮૩ થી ૮૫ ) જહાંગીર લખે છે કે દાડમ ૪૦ તોલા, સફરજન ૨૯ તોલા, તરબુચ ૩૩ શેર સુધીના થાય છે. વળી જહાંગીરનામામાં ૧૮ ગજ પહોળું ૧૨ ગજ .થડ સુધી ઉંચું ૨૦૩ ગજ લાંબી શાખાવાળું, ભૂમિમાં મળેલી જટાવાળું ઝાડ છે જેની છબી જહાંગીરે પોતાના પુસ્તકમાં ચીત્રાવી છે. એક લાઇમ ૭૦૦ વર્ષથી જુનું છે. એક લાઇમ ૮૧૫ વર્ષનું છે કેન્ટમાં બરાબરના સ્થાને એક ઝાડ ૨૮૮૦ વર્ષનું છે. બર્લીનના અજાયબ ઘરમાં સીકીલીયા વર્ષનો એક તણો ૧૩૬૦ સાલથી જુનો છે. આસ્ટ્રેલીયામાં યુકિલિપ્ટસ ઝાડ ૫૦૦ ફીટ ઉંચું છે. ઉત્તર અમેરીકામાં સીકીબીયા ૩૦૦ ફીટ ઉંચુ છે, ચણોઠીનો વેલો ૩૦૦૦ ફીટની ઉંચાઇ સુધી હિમાલયમાં જોવામાં આવે છે. બાવળ ૫૦૦૦ ફીટ, ગોરખ આંબલી ૫૦૦૦ વર્ષથી વધારે જીંદગીવાળું, વાંસ ૧૫૦ ફીટ, દિવિદિવિ ૨૦૦૦ ફીટ, નાળીયેરી ૩૦૦૦ ફીટનું મળે છે તે ૭૦ થી ૮૦ વર્ષ સુધી ફળે છે, વડ ૭૦ થી ૧૦૦ ફીટ ઉંચો, કબીરવડ નીચે ૫-૭ હજાર માણસો ફરી શકે છે. આંધ્રની ખીણમાં ૧૭૮૨ માં ઉગલવડ ૪૨ ફીટ ઘેરાવાળો ૩૪૦ મોટા થડવાળો અને વીસહજાર માણસ રહી શકે તેવો છે છતાં હજી વધ્યોજ જાય છે. કેળ ૧૫ ફીટ, ખજુરી ૪૦ફીટ, શેરડી ૧૨ ફીટ, આંબલી ૮૦ફીટ, સાગ ૪૨૦૦ ફીટ, નેરોસીટીવ ઝાડ ૩૦૦ ફીટનું થાય છે. વેસ્ટઈંડીઝ બેટના એક ઝાડની છાલના થર જુદા કર્યે ૩-૪ ફુટ જાડું થડુ નીકળે છે. ગીનીમાં તોપના ગોળા નામનું ઝાડ છે જેનું ફુલ મ્હોટું થાય છે તે ફુટતાં તોપના ગોળા જેવો શબ્દ થાય છે. આ ઝાડ ૬૦ ફીટ ઉંચું થાય છે. જે પવનને લીધે ચાલવાથી સીસોટી જેવું વાગતું ન્યુબીયા ઝાડ જોવા લાયક છે. બરમાના અમરાપુર શહેરમાં બીઓટીઆર એક ઝાડ ૨૧૭૦ વર્ષનું જુનું છે. ફીલીપાઇન બેટમાં નવ ફુટનું ફુલ મળ્યું છે જે એક હજાર યોજન ઉંડા સમુદ્રોના કમળો પણ તેટલી જ ઉંચાઇના હોય છે. કેટલાક ઝાડ એવા મળ્યા છે કે જેનો વ્યાસ ૧૪ થી ૨૯ ફુટ અને આયુષ્ય ૧૦૦૦ થી ૪૦૦૦ વર્ષનું કહી શકાય છે. આ પ્રમાણે ઉપર કહી ગએલ સર્વ જીવોને એકેન્દ્રિય કહેવાય છે અર્થાત્ કે જીવોને માત્ર શરીર હોયછે અને સાથે શ્વાસોશ્વાસ, આયુષ્ય ને કાયબલ હોય છે તે જીવો ઘણા જ સૂક્ષ્મને સ્થિર હોય છે. માત્ર વાયુને અગ્નિનો સ્વભાવ ગતિરૂપ છે, આ પાંચે એકેન્દ્રિયોના સૂક્ષ્મ અને બાદર ( સ્થૂલ ) બે ભેદ છે. સૂક્ષ્મ ચક્ષુથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇ શકાતા નથી, જ્યારે બાદર, શરીરવાળા એકેન્દ્રિયો શરીરને પ્રત્યક્ષ છે, સૂક્ષ્મ જાતિથી તમામ પોલાણુ ભરેલું છે વર્તમાન વૈજ્ઞાનિકો પણ શોધથી જણાવે છે કે— **નાનામાં નાનુ થેકસસ** જંતુ સોયના અગ્ર ભાગ ઉપર બેસતાં વિના ગરદી થતાં ૧ લાખ ખુશાલીથી બેસી શકે છે. +૧૨ અમુક સંયોગોથી જીવો કાર્મણીક ને તૈજસ શરીર લઇ ચાલ્યા જાય છે–મરી જાય છે એટલે બાકી પુદ્‌ગલો જ છે. આ પ્રકારમાં પુરૂષવર્ગને સ્ત્રીવર્ગની જાતિ હોતી નથી, આ એકેન્દ્રિય નામે પ્રથમ પ્રકારનું સ્વરૂપ લઘુતાથી તમોને કહ્યું છે તે બરાબર લક્ષમાં રાખો. મગજને ભાર પડે તો શાંતિ લઇને પણ બુદ્ધિબળથી મગજમાં ઠસાવી દઢતાપૂર્વક આગળ વધો. ( ચાલુ ).

# શ્રીમદ્ દેવચંદ્રજી, તેમનું જીવન અને ગુર્જર સાહિત્ય.

( ગતાંક પૃષ્ટ ૩૭ થી શરૂ )

**શ્રીમદ્‌નું નિર્વાણ.**

સંવત ૧૮૦૪ સુધી તો શ્રીમદ્ હૈયાત હોઇ પોતાની અમૃતવાણી ને અમૂલ્ય બોધવડે પૃથ્વીને પાવન કરી રહ્યા હતા, એમ તેમના બનાવેલા સિદ્ધાચળજીના સ્તવન પરથી જણાય છે. તે સમયે તેઓશ્રી લગભગ ૮૪ વર્ષની ઉમ્મરના હોવા જોઇએ. પછીથી સ્થિરતાવાસ સ્વિકારવો પડ્યો હોય એમ અનુમાન થાય છે. ૧૮૦૪ બાદ આ સ્થિરતાવાસ પાલીતાણે થયો સંભવે છે. સિદ્ધાચળ સમાન મહાતીર્થસ્થાનમાં સમાધિ મરણ કયો સત્પુરૂષ ન વાંછે ? ત્યાં અનેક મુનિઓએ અનશન કર્યાં છે, જ્યારે વૃદ્ધાવસ્થાનો પૂર્ણ અમલ શરીર પર થાય છે, ત્યારે છેવટે પરમાત્માનું સ્મરણ ને આત્માના શુદ્ધોપયોગની રમણુતા કરવી એજ શ્રેષ્ઠ છે. શ્રીમદ્ આવીજ સ્થિતિમાં ધ્યાન રાખી શરીર, જાતિ, નામ આદિ વિસારી આસક્તિ રહિત બન્યા હતા અને આત્માના શુદ્ધોપયોગના તારેતારમાં લયલીન રહેતા. **अंते समाहि मरणं अभव्वजीवा न पावंति ॥** અભવ્યોને મરણકાળે

+૧૨ બ્રહ્મસૂત્ર અધ્યાય. ૩ પાદ ૧. સૂત્ર. ૧
તદંતર પ્રતિપત્તૌરંહતિ સંપરિશ્વક્તઃ પ્રશ્ન નિરૂપણાભ્યામ્
જીવઃ કરૂણાનાં ઇંદ્રિયાણાં અવસાદે મરણ સમયે દેહાંતર પ્રતિપત્તૌ દેહ બીજૈર્ભૂત
સુક્ષ્મૈઃ સંપરિશ્વક્તઃ સંવેષ્ટિતો રંહતી ગચ્છતીત્યવગંતવ્યમ્
પ્રશ્ન નિરૂપાભ્યામ્ ॥ તાંડવશ્રુતૌ ગૌતમ જૈમિનીય પ્રશ્ન પ્રતિવચન.
( શંકરાચાર્ય ચરિત્ર પાનું. ૩૪ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાધિ મરણ પ્રાપ્ત થતું નથી. જેમણે લગભગ ૭૫ વર્ષ જેટલો સમય આત્મજ્ઞાનોપયોગ, આત્મધ્યાન, આત્માનું ચિન્તવન, મનન અને આત્મ સમાધિમાં ગાળ્યો હોય, તેને સમાધિ મરણ–પંડિતમરણ સુખેથી સાંપડે એમાં સંશય શો ? શ્રીમદ્દે અનાદિ અનંત જ્ઞાનરૂપ આત્મજીવનમાં મનને લીન કર્યું હતું અને બાહ્ય દશ્ય પદાર્થોમાં રાગ દ્વેષ પરિણામથી મુક્ત થયા હતા. કર્મયોગી હોવાથી મરણ વખતે શારિરીક દુઃખ સ્હેવામાં જરા માત્ર કાયર બન્યા ન હતા. પોતે બાળ બ્રહ્મચારી હતા તેથી તેમને આત્મ શુદ્ધોપયોગની રમણતામાં શુન્યતા આવતી નહોતી અને એમ આત્માની શુભ પરિણતિના એક ધ્યાનમાં, અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી શરણ સ્વિકારીને પરમેષ્ઠીમહામંત્રના ધ્યાનમાં બાહ્યપ્રાણોનો ત્યાગ કરી શુભ ગતિ વિષે ચાલ્યા ગયા અને જૈન સમાજ અને ભારતવર્ષના એક મહાન ધર્મપ્રભાવક આત્મજ્ઞાની સાહિત્ય રસિક કવિરત્નની ખોટ ભારતવર્ષને દેતા ગયા. તેઓ ગયા પણ તેમનો અક્ષર દેહ–તેમનાં પુસ્તકો સદ્ભાગ્યે વિદ્યમાન છે. ગુર્જર સાહિત્યના પરમપોષકનાં એ અમોઘ તત્વો અમને મુગ્ધ કરી મુકે છે. તો તેઓ પોતે સદેહે કેવા હશે ?

**શ્રીમદ્ માટે કિંવદંતી.**

શ્રીમદ્ અધ્યાત્મજ્ઞાની, આત્મશુદ્ધોપયોગી, દેવચંદ્રજી મહારાજ હાલમાં મહાવિદેહક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે, એમ અનેક મનુષ્યોના મુખે કિંવદંતી તરીકે શ્રવણ કર્યું છે. સાંભળવા પ્રમાણે શ્રીમદ્ના રાગી એક અધ્યાત્મજ્ઞાની શ્રાવકે પાટણમાં મહાન તપ કર્યું હતું; તે તપના પ્રભાવે ભુવનપતિ દેવે તેમને સાક્ષાત્ દર્શન આપ્યું હતું, તે વખતે તે શ્રાવકે ભુવનપતિ દેવને શ્રીમદ્ કઇ ગતિમાં ગયા ? એ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે શ્રીદેવચંદ્રજી મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યા છે, અને અનેક ભવ્યજીવોને દેશના દઇને તારે છે. અમદાવાદમાં સારંગપૂર તળીયાની પોળમાં આત્મજ્ઞાની ધ્યાની પરમ વૈરાગી શ્રી **मणिचंद्रजी** નામના યતિ સાધુ હતા, તેમણે 'આતમરામેરે મુનિ રમે' વિગેરે અપૂર્વ વૈરાગ્યમય સજ્જાયો અને પદો રચ્યાં છે, તેઓ મહા તપસ્વી હતા. તેમના તપ પ્રભાવે તેમની પાસે ધરણેન્દ્રે સાક્ષાત્ દર્શન દીધું, અને **मणिचन्द्रजी**ને શાતા પુછી. **मणिचन्द्रजी**ને રક્તપિત્તનો મહા ભયંકર રોગ હતો, તે દર્દથી પીડાતા હતા. દેવે **मणिचन्द्रजी**ને વરદાન માગવાનું કહેતાં તેમણે કાંઇજ માગ્યું નહિ. દેવે તેમનો રોગ ટાળવા વિનંતી કરી પણ તેમણે ના કહી, અને કહ્યું કે, તે રોગ ભોગવ્યા વિના છુટકો નથી; કર્યાં કર્મ તો ઉદયમાં આવે છે તેનું લેણું રોગ ભોગવીને આપવું જોઈએ. પ્રારબ્ધ કર્મ શ્રી તીર્થંકર ભગવાનને પણ ભોગવવાં પડે છે તો મારે પણ ભોગવવાં જ જોઇએ, કે જેથી પરભવમાં કર્મનું લ્હેણું દેણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે નહીં. શ્રી मणिचन्द्रजीએ શ્રી ધરણેંદ્રને શ્રીમદ્‌ની ગતિ વિષે પૂછતાં ધરણેન્દ્રે કહ્યું કે શ્રીમાન્ દેવચંદ્રજી હાલમાં મહાવિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે, શ્રી આનંદઘનજીની ગતિ વિષે પૂછતાં, તેઓને એકાવતારી જણાવ્યા હતા અને શ્રીમદ્ યશોવિજયજીને પણ એકાવતારી જણાવ્યા હતા. એક વૃદ્ધ શ્રોતા શ્રાવકે અમને એ પ્રમાણે કિંવદન્તી પરંપરાથી ચાલતી આવેલી કહી હતી તે અત્ર જણાવી છે. કલકત્તામાં રહેનાર અધ્યાત્મજ્ઞાની સુશ્રાવક હીરજીભાઇએ પણ ઉપરના ભાવવાળી કિંવદન્તી કહી હતી, પણ વિસ્તાર ભયથી અત્ર આપી નથી.

શ્રીમદ્‌ના ચમત્કારો સંબંધી અનેક કિંવદન્તીઓ સાંભળવામાં આવે છે.

**શ્રીમદ્‌ના ચમત્કારો.**

કાશીવાળા મંડળાચાર્ય શ્રી બાલચંદ્રસૂરિ બહુ વિદ્વાન થઇ ગયા છે. તેમના સમયમાં તેમની સાથે વિચરનાર ૮૦ વર્ષના એક વૃદ્ધ યતિજી ( વિજાપુર તાલુકે આજોલમાં ) આ સંબંધી ઘણું જાણતા ને કહેતા જાણવામાં આવ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે તેમના નેવું વર્ષના ગુરૂજીના સ્વમુખે તેમણે બાલ્યાવસ્થામાં શ્રીમદ્ સંબંધી ઘણી વાતો સાંભળી હતી. તે પૈકી કેટલીક અત્ર દર્શાવવામાં આવે છે:—

શ્રીમદે જ્યારે દીક્ષા લીધી ત્યારે બાલ્યાવસ્થામાં હતા. તેઓશ્રી એક વખતે કાઉસ્સગ્ગમાં હતા ત્યારે એક ભયંકર ભુજંગ ( સર્પ ) આવ્યો ને શ્રીમદ્‌ના શરીર પર ચઢવા લાગ્યો, ને શ્રીમદ્‌ના ખોળામાં બેઠો. આથી આજુબાજુના લોકો ગભરાવા લાગ્યા પણ શ્રીમદ્ યત્કિંચિત પણ ચળાયમાન થયા નહિં. શ્રીમદે કાઉસ્સગ્ગ પાર્યો ને સર્પ ફુત્કાર કરતો ખોળામાંથી ઉતરી સામો બેઠો. શ્રીમદે તેને શમતા ભાવનાં વચનો કહ્યાં તે તેણે મસ્તક ડોલાવીને સાંભળ્યાં. આવી સ્થિતિ જોઇને અન્ય સાધુઓ શ્રીમદ્‌ને પ્રશંસી ખરા હૃદયથી તેમના ધૈર્યને વખાણવા લાગ્યા. તથા કહેવા લાગ્યા કે શ્રીમદ્‌માં આત્માની નિર્ભય દશા પ્રાપ્ત થઇ છે. શ્રીમદ્ બાલ્યાવસ્થામાં એક દિવસમાં બસો શ્લોક મુખપાઠ કરતા અને વિસરી જતા નહતા.

શ્રીમદ્‌ના મોટાકોટમરોટ ( મારવાડ )ના ચોમાસામાં એક અપૂર્વ ઘટના

**શ્રી ધરણેંદ્રનું બ્રાહ્મણ સ્વરૂપે વ્યાખ્યાન સાંભળવા આવાગમન.**

બની હતી. શ્રીમદ્‌ની દેશના ( વ્યાખ્યાન શૈલિ ) અદ્‌ભુત અને આત્મસ્વરૂપની ચાલતી હતી, દરરોજ વ્યાખ્યાનમાં સર્વ દર્શનના હજારો શ્રોતાઓ આવતા હતા. તેમના વ્યાખ્યાનમાં એક વૃદ્ધ બ્રાહ્મણ જેવો મનુષ્ય હમેશાં આવતો હતો, તે કોણ છે તેની કોઇને ખબર પડતો નહોતી. શ્રીમદ્ મહા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત જ્ઞાનસારનું દરરોજ વ્યાખ્યાન કરવામાં આવતું હતું. અને શ્રીમદ્ તેનું અનુભવ પૂર્વક ઉંડા ઉતરીને વ્યાખ્યાન કરતા હતા. તેથી શ્રોતાઓના આત્માઓમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનાનંદરસ છલકાઈ જતો હતો. પેલો વૃદ્ધ બ્રાહ્મણ પણ આનંદથી ઉલ્લસિત બની ઉઠતો હતો. તે બોલતો નહોતો તથા વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ કયાં જતો તે કોઈ જાણી કે જોઈ શકતું નહતું. એક વખતે રાત્રે તે બ્રાહ્મણ ઉપાશ્રયમાં આવ્યો ને શ્રીમદ્‌ને વંદના કરી બેઠો, તે વખતે અન્ય સાધુઓ પણ જાગતા હતા. વૃદ્ધ બ્રાહ્મણે જણાવ્યુ કે ' હું ધરણેન્દ્ર છું. તમારી આત્મસ્વરૂપની દેશના મ્હેં ચાર માસ સુધી સાંભળી છે. આ વખતે ભરત ક્ષેત્રમાં આત્મસ્વરૂપની વ્યાખ્યા તમે કરો છો તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. ધરણેન્દ્રે શ્રીમદ્‌ને કાંઈક માગવાનું કહેતાં શ્રીમદે અનંત દુઃખનો નાશ કરનાર અને સુખના પ્રકટાવનાર આત્માના શુદ્ધોપયોગ વિના મારે અન્ય વસ્તુની ચાહના રહી નથી એમ સ્પષ્ટ જણાવ્યું. આ સાંભળી ધરણેન્દ્રે તેમને ધન્યવાદ આપ્યો. ધરણેન્દ્રે સર્વ સાધુને પોતાની પ્રતીતિ થવા માટે એકદમ ઉત્તર વૈક્રિય શરીર પ્રકટ કરી બતાવતાં સર્વ સાધુની આંખો અંજાઈ ગઇ. આથી સાધુઓને શ્રીમદ્ મહાપુરૂષ છે. અને તેમનાં વચન આરાધ્ય છે એવો નિશ્ચય થયો. મહાત્માઓ દેવતાઓને આરાધતા નથી તોપણ તેમના જ્ઞાન–ગુણથી ખેંચાઇ તેઓ સ્વયં તેમની પાસે આવે છે. અધ્યાત્મજ્ઞાની મહાત્માઓમાં અનેક પ્રકારની લબ્ધિઓ ( સિદ્ધિઓ ) પ્રકટે છે તેમાં કાંઇ આશ્ચર્ય સરખું નથી.

**શ્રીમદ્‌ને શાંત થઇ પગે લાગેલો સિંહ**

**શ્રીમદ્** એક વખત પંજાબ તરફ વિહાર કરતા હતા. પર્વતની પાસે થઈને જવાનો રસ્તો હતો. પર્વતની નીચે એક સિંહ બેઠેલો હતો, ને ઘણી વખત ત્યાંથી પસાર થનાર પ્રવાસીઓને તે ખાઇ જતો. શ્રીમદ્ ત્યાંથી જવા લાગ્યા ત્યારે ઘણા લોકોએ તેમને ત્યાં થઈને જવા ના કહી પણ તેઓશ્રી પાછા વળ્યા નહિ અને જણાવ્યું કે ' મ્હારે સમસ્ત વિશ્વના પ્રાણી માત્ર ઉપર મૈત્રીભાવ છે, માટે ભય શો ? ' તેઓ તત્પશ્ચાત્ જયાં સિંહ બેઠો હતો ત્યાં થઈને જવા લાગ્યા. આ વખતે આવો પ્રસંગ જોઈ ઘણા ગૃહસ્થો પણ સાથેજ રહ્યા હતા. પેલા સિંહ પાસે શ્રીમાન્ આવી પહોંચ્યા ને તેમને જોઈ સિંહ બરાડી ઉઠ્યો અને શ્રીમદ્‌ની પાસે આવી તેમના પગે પડી 'સામે ઉભો રહ્યો. શ્રીમદે તેને કરૂણ–દૃષ્ટિએ શાંત કર્યો, તે પછી તે ચાલ્યો ગયો. પાછળ આવનાર ગૃહસ્થો આ દૃશ્ય જોઈ આશ્ચર્યચકિત થઇ ગયા, **अहिंसा धर्म प्रष्ठियां तत्सन्निधौ वैरत्यागः** આ મહાન્ સૂત્ર સત્ય થયું અને ખરેખર જ મહાનુભાવનાં વૈર રહિત અને વિરક્ત પણ કરૂણાથી ભરેલાં હૃદયોની છાપ તેમનાં પ્રશાંત મુખ પર છવાય છે ને સાત્વિક ભાવભર્યા મહાત્માઓની સાત્વિકતા–પવિત્રતાની પાસે આસુરી ભાવવાળાં પ્રાણીઓ પણ સાત્વિક બની શાંત થઈ જાય છે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જામનગર જૈન દેરાસરનાં તાળાં તુટયાં.**

પૂર્વે જામનગરમાં મુસલમાનોનું જોર ઘણું વધી ગયું હતું. અને તેથી ત્યાંના એક જૈનદેરાસરનું ભોંયરૂં ખોલી તેમાં તમામ પ્રતિમાઓ ભંડારવામાં આવી હતી. મુસલમાનોએ જબરીથી તે દેરાસરનો કબજો લઇ મસીદ તરીકે તેનો ઉપયોગ કરવા માંડયો હતો. કેટલોક વખત વીત્યે મુસલમાનોનું જોર ઘટયે, અને હિન્દુ રાજ અમલમાં જૈનોએ આ મંદિરનો કબજો મેળવવા રાજા પ્રત્યે ફરિયાદ કરતાં કાંઇ ન વળ્યું. બાહ્યથી અને અંદરથી આ જૈનમંદિર હતું એમ અઢારે વર્ણ કબુલ કરતી હતી છતાં ચમત્કાર વિના નમસ્કાર થાય તેમ ન હતું. એવામાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. તેમણે રાજા સમક્ષ તે જૈન દેરાસર હતું એવું તથા મુસલમાનોએ મસીદ હોવાનું સાબીત કરવા પ્રયત્ન કર્યો. છેવટે રાજાએ ઠરાવ કર્યો કે દેરાસરને તાળાં લગાડવામાં આવે અને જે પોતાના પ્રભુના નામે પ્રાર્થના કરી ઉઘાડી શકે તેને તેનો હક્ક આપવામાં આવશે. ફકીરો પ્રથમ કુરાનાદિ પ્રાર્થનાથી મથ્યા-પણ કાંઇ ન વળ્યું. પછી શ્રીમદે જીનેંદ્ર ભગવનાનની સ્તુતિ કરી કે તડાક દઇને તાળાં તુટી હેઠે પડ્યાં અને વૃદ્ધ શ્રાવકોએ રાજાને તે દેરાસરના ગુપ્ત ભોંયરામાંની જૈન પ્રતિમાઓ બતાવવા-શ્રીમદ્‌ને વિનંતિ કરી. ભોંયરાનાં તાળાં પ્રભુસ્તુતિથી તુટતાં-ભંડારેલા સંખ્યાબંધ પ્રતિમાઓ બતાવી. તત્પશ્ચાત તે મૂર્તિઓની પુનઃ તે દેરાસરમાં પ્રતિષ્ઠા વિધિપૂર્વક કરવામાં આવી. શ્રીમદ્‌ના ચમત્કારો દેખીને જામનગરના રાજા તથા પ્રજા ખુશ થઇ ગયાં તથા જૈનધર્મની પ્રશંસા. સર્વત્ર પ્રસરી. શ્રી કૃપાચંદ્રજી તથા અન્યાન્ય સાધુઓ અને વૃદ્ધ શ્રાવકોના મુખથી આ વાર્ત્તા જણાઇ છે. આત્માની અનંત શકિત છે. આત્માની જેઓ ઉપાસના કરે છે તેઓ પરમાત્માની પેઠે શક્તિઓ ફેરવી શકે છે. અરે જ્ઞાની ધ્યાની મહાત્માઓ સ્વયં ચમત્કાર રૂપજ છે. **॥ अहो अनंत वीर्योऽयमात्मा विश्व प्रकाशकः । त्रैलोक्यंचालयत्येत्र ध्यान-शक्ति प्रभावतः ॥ ज्ञानार्णव ॥** અનંત વીર્યરૂપ આત્મા છે અને ત વિશ્વનો પ્રકાશક છે અને ધ્યાનશક્તિના પ્રભાવે ત્રણ લોકને ચલાયમાન કરવા તે શક્તિવાન છે.

**સિદ્ધાચળપર કાગડા આવતા બંધ કર્યા.**

શ્રીમદે શ્રી સિદ્ધાચળજીની યાત્રા ઘણી વાર કરી છે. ત્યાં શ્રીમદે વિહરમાન વીશી રચી હતી. 'રૂષભજીણંદશું પ્રીતડી' એ સ્તવન કિંવદન્તી પ્રમાણે શ્રીમદે અહિંજ પ્રભુ પાસે રચ્યું હતું. દુષમકાળ યોગે શ્રી સિદ્ધાચળજી પર કાગડાઓ આવવા લાગ્યા. કાગડાઓનું આ મહાતીર્થ પર આવવું અનિષ્ટકારક ગણવામાં આવે છે. આ કાગડાઓને ઉપદ્રવ બંધ કરાવવાના અન્ય અનેક પ્રયત્નો વ્યર્થ જતાં શ્રીમદે સં. ૧૮૦૪માં જ્યારે પોતે શા. કચરા કીકાના સંઘમાં સિદ્ધાચળજી પધાર્યા ત્યારે શ્રી સંઘની વિનંતીથી શાંતિસ્નાત્ર ભણાવી, પર્વતની ચારે બાજુ શાંતિજળથી ધારા દેવરાવી કાગડાઓ આવતા બંધ કર્યા. આ ચમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્કારથી સર્વત્ર આનંદ–શાંતિ છવાયાં. શ્રીમદ્ યશોવિજયજી તથા શ્રી જ્ઞાનવિમળ સૂરિજીએ પણ પ્રસંગોપાત આવા ચમત્કારો કર્યા છે. પ્રસંગ વિના મહાત્માઓની શક્તિનાં દર્શન થતાં નથી તેમજ જ્ઞાનીઓ વાદીની પેઠે જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે પોતાની શક્તિઓનાં પ્રદર્શન કરાવતા પણ નથી.

શ્રીમદે મારવાડમાં સંઘ જમણ પ્રસંગે ગૌતમ સ્વામિના ધ્યાનથી એક હજાર શ્રાવકો જમે તેટલી રસોઈમાં આઠ હજાર શ્રાવકોને જમાડવાની મંત્રશકિત વાપરી હતી. વળી અનેક પ્રકારના અવધાનોની શકિત પણ શ્રીમદ્‌માં ખીલી હતી, પણ તેઓ પ્રસંગ વિના કોઈને તે જણાવતા નહિ. હાલની પેઠે તે મહાત્માઓ અવધાનોના ખેલો કરતા ન હતા.

**શ્રીમદ્ રચિત ગ્રંથોનો સાર.**

શ્રીમદ્ દેવચંદ્રજી ઉપાધ્યાયે આગમોમાંથી સારમાં સાર તત્વ જે દ્રવ્યાનુયોગ કહેવાય છે, તેનો સાર ભાગ ખેંચીને ગ્રંથોની રચના કરી છે, દ્રવ્યાનુયોગ જ્ઞાન, અધ્યાત્મજ્ઞાન શાંત અને વૈરાગ્ય રસ તો તેઓના ગ્રંથોમાંથી જ્યાં ત્યાં નિતર્યા જ કરે છે. તેઓના ગ્રંથોરૂપી સરોવરો ખરેખર તત્વજ્ઞાનથી છલકાઈજ જાય છે. તેમનાં ગ્રંથો પૈકી **આગમસાર, નયચક્ર** અને **વિચારસાર** એ ત્રણ ગ્રંથો તો ખાસ તત્ત્વજ્ઞાનથી ભરેલા છે. એ ત્રણ ગ્રંથોનો ગુરૂગમપૂર્વક અભ્યાસ કરવાથી સર્વ આગમોમાં પ્રવેશ કરી શકાય છે, ને પાર પામી શકાય છે. અનંત જ્ઞાનસાગરનો પાર નથી. પણ તેમાં પ્રવેશ થવા માટે એ ત્રણ ગ્રંથો ઘણા જ ઉપયોગી છે. **પ્રશ્નોત્તર** નામનો શ્રીમદ્ કૃત ગ્રંથ ખરેખર અનુભવજ્ઞાનથી ભરપૂર છે. અનેક જૈનશાસ્ત્રો વાંચ્યા બાદ **પ્રશ્નોત્તર** ગ્રંથમાં કરેલા પ્રશ્નોના ઉત્તરાર્થનો અનુભવ થઈ શકે એમ છે. અધ્યાત્મજ્ઞાનમાં ઉંડા ઉતરવા માટે **શ્રીજ્ઞાનસાર** પર કરેલી શ્રી **જ્ઞાનમંજરી ટીકા** અપૂર્વ છે. આત્મજ્ઞાન સંબંધી જૈનોમાં, ભગવદ્‌ગીતાથી પણ કોઈ મહાન્ સત્યપૂર્ણ ગ્રંથ હોય તો તે **જ્ઞાનસાર** ગ્રંથ છે તેના પર શ્રીમદે ટીકા રચીને પોતાના અધ્યાત્મજ્ઞાન સંબંધી વિચારોને જીવતા મૂકી ગયા છે. અર્વાચીન કાળમાં જ્ઞાનસારની મહત્તા ઉપયોગિતા સર્વત્ર પસાર ને પ્રચાર પામી છે. અધ્યાત્મ જ્ઞાનીઓનું જ્ઞાનસાર ગ્રંથ આનંદમય હૃદય છે અને તેના પર ટીકા રચીને શ્રીમદે જ્ઞાનસારની મહત્તામાં વૃદ્ધિનો પ્રકાશ પાડ્યો છે, શ્રીમદ્ ઉપાધ્યાય શિરોમણી શ્રીમદ્ યશોવિજયજીનો છેલ્લામાં છેલ્લો અધ્યાત્મ જીવનરસનો ઝરો જેમાં વહ્યો છે તે ગ્રંથ ખરેખર જ્ઞાનસાર જ છે અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજની છેલ્લી જીંદગીનો અધ્યાત્મજ્ઞાન રસનો જીવનો ઝરો તેમાં વહ્યો છે. પછી તેમાં રહેલા અધ્યાત્મજ્ઞાનાનંદરસની મીઠાશ સંબંધે શું પુછવું ?

શ્રીમદ્ રચિત **ચોવીશીમાં** જ્ઞાન અને ભક્તિનો રસ છલકાઈ જાય છે. શ્રીમદ્‌ના ગ્રંથોમાં ષડ્‌દ્રવ્ય, નવતત્વ, કર્મવ્યાખ્યા, સમનય, સપ્તભંગી અનેક પક્ષ, આગમ વ્યાખ્યાન, આત્મતત્વસ્વરૂપદર્શન વિગેરે સર્વ બાબ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોનું વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરરિત્યા તેમના ગ્રંથોમાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભકિતયોગ, ઉપાસનાયોગ વિગેરે સર્વ યોગોનું સ્વરૂપ આવ્યું છે. શ્રીમદ્ સનાતન જૈનમાર્ગોપદેશક હતા. શ્રીમદે જીનેશ્વરની પ્રતિમાને પુષ્પો ચઢાવવાના પાઠોને આગમના આધારે દર્શાવ્યા છે. તેમાં ખુબી એ છે કે તેમણે મગજની સમતોલતા ખોઈ નથી. તેમના શબ્દોમાં માધુરતા, સ્નેહતા ને આકર્ષકતા છે. દીર્ઘકાલીન જૈન તત્વજ્ઞાનની દિશા દેખવી હોય તો વા તેની ઝાંખી કરવી હોય તો તેમના ગ્રંથોનો ગુરૂગમ પૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. પાકેલી કેરીનો કોઈ રસ કાઢી લે તેવી રીતે તેમણે જૈન શાસ્ત્રામાંથી રસ કાઢીને આગમસાર, નયચક્ર—વિચારસારાદિ ગ્રંથો રચ્યા છે.

**શ્રીમદ્‌નો શિષ્ય સમુદાય.**

**શ્રી**મદ્‌ના શિષ્યભૂત સાધુઓ અને સાધ્વીઓ હતાં કે નહિ તે હજી ચોક્કસ થતું નથી. મહા પ્રખ્યાત પુરૂષોની પાછળની સંતતિ તેવા પ્રકારની હોતી નથી. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની પાછળ તેમની સંતતિ પરંપરા રહી નથી. શ્રીમદ્ યશોવિજયજીના પાછળ શિષ્યો હતા, પણ તેમની પરંપરા રહી નથી. શ્રીમદ્ આનંદઘનજી પાછળ સાધુ શિષ્યો જણાયા નથી. તેમની પાસે ઉપદેશ શ્રવણ કરનાર શ્રાવક શિષ્યો તો ઘણા હતા. શ્રીમદ્‌નો પ્રતિબોધિત શ્રાવક સમુદાય તો અનેક દેશોમાં હતો. તેમના ભકત શ્રાવકોએ તેમની બનાવેલ **અધ્યાત્મગીતાને** સુવર્ણના અક્ષરે લખાવી હતી. **શ્રી**મદ્‌ની ચોવીશી વર્ષોપર એકજ હાથે લખાયલી સાર્થ—ઘણા સુન્દર સુવર્ણ રંગોથી પરિપૂર્ણ સારી જળવાયેલી આ લેખકને ત્યાં મોજૂદ છે. તે જોઈ આફરીન બોલી જવાય છે ને તમના ભકતોની ભકિત ને ગુરૂ પ્રેમ માટે માન ને પૂજ્યભાવ પ્રકટે છે. આવા જ ગુરૂપ્રેમી ભકત શ્રાવકોએ શ્રીમદ્‌ના ગ્રંથોનો પ્રચાર સર્વ દેશોમાં કરી દીધેલો હતો એ તેમની ગુરૂભકિતની ઉત્તમતા હતી. શ્રીમદ્‌ના સાધુ શિષ્યો હોત તો તેઓ કોઈપણ ઠેકાણે કાંઈપણ લખ્યા વિના રહ્યા ન હોત. આથી શ્રીમદ્‌ના શિષ્ય પરિવારમાં કોઈ વિદ્વાન ઉદ્ભવ્યા જણાતા નથી.

**ઉપકાર પ્રદર્શન.**

આ જીવન અને ગુર્જર સાહિત્ય વિષયક નિબંધ પૂર્ણ કરતાં પહેલાં વાચક વર્ગ, અને વિદ્વાન વર્ગ અને જ્ઞાની પુરૂષોની પાસે લખાણમાં રહી ગયેલા દોષો સ્ખલના અશુદ્ધિ માટે બે હાથ જોડી ક્ષમા માગું છું. કારણ હું છદ્મસ્થ અને બાલજીવ છું. તો આ નિબંધમાં દૃષ્ટિ દોષથી વા મંદ બુદ્ધિને લઇ રહેલી અપૂર્ણતા ને ભૂલો માટે ક્ષમા યાચતાં આ લખાણ માટે જો કોઇ પણ મારા મહા ઉપકારક હોય તો ત પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજજી કવિરત્ન, સમદૃષ્ટિ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી જ છે. તેમની પૂર્ણ દયા પ્રયાસ અને સદ્‌બોધથી આ નિબંધ હું લખી શકયો છું તથા મહારા અધ્યાત્મજ્ઞાનરસિક પૂજ્ય પિતાશ્રી જેઓ શ્રીમદ્ સૂરીશ્વર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીના અનન્ય ભકત અને અધ્યાત્મજ્ઞાનના અનન્ય જીજ્ઞાસુ છે તેમની પ્રોત્સાહનપૂર્ણ પ્રેરણા અને વાત્સલ્યપૂર્ણ સહાય વડે જ આ નિબંધ પૂર્ણતયા હું આલેખી શકયો છું. માટે તેમનો અત્ર અતિ ભકિતભાવે ઉપકાર માનું છું ને જૈન સાહિત્યના આ નિબંધ વિશ્વના હિત ઉપકાર ને સદ્બોધદ્વારા સૌના આત્મકલ્યાણને અર્થે હો એમ ઇચ્છી પૂર્ણ કરી વિરમું છું.

# આપણા ભૂતકાળના ગૌરવ
અને
## અત્યારની પરિસ્થિતિ.

આજે ઠેર ઠેરથી આપણી પરિસ્થિતિના ભણકાર સંભળાઇ રહ્યા છે—વીર પુત્રોને જગાડવાને રિમ્‌રિમ્ નાદ સ્થળે સ્થળે વાગી રહ્યા છે અને એવોજ છતાં કોઇ અનેરો સુમધુર ડિંડિમ્ નાદ આજે અમે વગાડીએ છીએ—

ઓ વીર પુત્રો! આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે તમારી શું પરિસ્થિતિ હતી? જાગૃતિ હતી. એ આપણા વીર પિતા પોતાની મેઘસમ ગંભીર દેશનાથી આર્યાવર્તના પુનિત મનુષ્યોના હૃદયોમાં અમૃતરસ વહેવડાવી રહ્યા હતા. એક વખત પત્થર જેવા નિષ્ઠુર હૃદયને અમૃત રસનું સિંચન કરી–તેના હૃદયને પુનિત કરી હૃદય વિષને દુર કરી રહ્યા હતા, જેમની અમૃતમય દેશનાથી સિંહ વાઘ, વરૂ, હાથી, ઘોડા, ઉંટ, બકરી, એ બધાય પરસ્પર વિલોમ ભાવને ત્યજી અનુલોમ ભાવને ભજતા હતા ત્યારે આજે એજ પિતાના પુત્રો આપણે કઇ સ્થિતિમાં છીએ? અત્યારે શહેરે શહેર અને ગામે ગામ કુસંપ રાક્ષસ આપણા ઉપર અગાધ સત્તા ચલાવી રહ્યો છે એ ક્રૂર રાક્ષસના પ્રતાપે અનેક કુટુંબો પાયમાલ થઇ ગયા છે અને હજી પણ થતાં જાય છે.

જે વખતે મગધનરેશ શ્રેણિક જેવા શ્રદ્ધાળુઓથી વીરપુત્રો ગર્વાન્વિત રહેતા હતા. આનંદ અને કામદેવ જેવા શ્રાવકો, સુલસા જેવી મહાસતી શ્રાવિકાથી આપણા ગૌરવની ગર્જનાઓ ભારતવર્ષમાં ગાજી રહી હતી. ત્યાગની મૂર્તિ પ્રભુ **ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી** જેવા મહાન પુરૂષો અને **ચંદનબાલા** જેવી આર્યા સાધ્વીજીઓથી આપણો ત્યાગી વર્ગ ઉન્નતિના કોઇ અનેરા શિખરે મ્હાલી રહ્યો હતો અને જૈન ધર્મની વિજયપતાકા ચોતરફ ફરકી રહી હતી. **સ્વર્ગલોકના દેવો પણ પોતાના સુખને તુચ્છ ગણી શ્રી વીર શાસનની વાંચ્છા કરતા હતા** અને અત્યારે પણ કરતા હશે એ સુરમ્ય સ્થિતિ તરફ એક તીક્ષ્ણ દૃષ્ટિપાત નાખો અને **અત્યારના આપણા** શ્રદ્ધાહીન હૃદયો શાંતિથી તપાસો. **એ મગધનરેશ જેવી શ્રદ્ધા, પ્રભુ ગૌતમસ્વામી જેવી સૌમ્ય મૂર્તિ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અને ચંદનબાળા જેવી પવિત્રતાની મૂર્તિએ** આપણાથી કેટલે દૂર છે તેને ખ્યાલ કરો. આપણામાં સાચી શ્રદ્ધાના અંકુરો નથી પ્રગટતા, માત્ર ક્ષણિક શ્રદ્ધા અને ક્ષણિક વૈરાગ્યના અંકુરો [1]પ્રગટે છે પાછા વળી ઘડીકમાં આપણેજ ક્યાંય વીરામપુરમાં શાંતિ લઈએ છીએ કે શોધ્યા હાથ નથી આવતા. આપણે શ્રદ્ધાની વાતો કરીએ છીએ પણ તેની ક્રિયાના અંશો આપણા જીવનમાં નથી ઉતારતા. આપણામાં સાચી શ્રદ્ધાવાળા રત્નો ઘણાય છે, પરંતુ આપણને તેની કીંમત નથી.

એ જગજુની વાતોથી રખેને કંટાળતા. એમાં તો તમારી જાગૃતિની નોબતો વાગી રહી છે. જ્યારે જ્યારે આપણી પરિસ્થિતિને સુધારવાની અગત્ય જણાય છે ત્યારે ત્યારે એ જગજુની વાતો પણ આપણા ઉદ્ધારમાં કામ લાગી છે. મહા તપા **શ્રી જગદચ્ચંદ્રસુરિ, શ્રી આનંદવિમલ** સુરીશ્વર, **શ્રી સત્યવિજયગણિ,** આદિ મહાત્મા ગીતાર્થો તેનું જ્વલંત ઉદાહરણ છે. આપણે એવુંજ એક જુનું દૃશ્ય આપણી દૃષ્ટિ સન્મુખ રજુ કરીએ તો તે અનુચિત નથી. પરમ કૃપાળુ **મહાવીરસ્વામી** દેશના દઈ રહ્યા છે ત્યારે બીજી બાજુ હજારો સાધુ મહાત્માઓનો સમુહ અવનત મુખે શાંત ચિત્તે સમભાવ પૂર્વક વિનયથી શોભી રહ્યો છે ત્યારે બીજી બાજું આર્યાઓ-સાધ્વીજીઓનું યુથ-બ્હેનપણાના પ્રેમથી વીર પિતાની દેશના સુણી રહ્યું છે, તેમજ દેવો પણ એ અમૃતથીએ વધુ રસાળ દેશના વિનમ્રભાવે સાંભળી પોતાને પુનિત કરી રહ્યાં છે. ત્યારે એક બાજુ તિર્યંચો પણ એટલીજ શાંતિ અને આનંદથી દેશના રૂપી અમૃતનું પાન કરી રહ્યાં છે. આમાં નથી કોઈમિ ભેદભાવ કે નથી કોઈને અહંભાવ. તમને આમાં તીર્થંકરના અતિશયનો પ્રભાવ લાગશે. પરંતુ અતિશયોક્તિ કહેનારની તો ભૂલ છે. બેશક, પ્રભુનો અતિશય તો સાચો પરંતુ અતિશયોક્તિ તો નહીં જ, તેના જ્વલંત ઉદાહરણો આપણામાંથી મળી આવશે તેને માટે આપણે કેટલાએક આપણા ઈતિહાસનાં સુવર્ણ પાનાં ઉથલાવવાં પડશે.

ચૌદ પૂર્વધર **શ્રી ભદ્રબાહુસ્વામીના સમયમાં આપણી** શું પરિસ્થિતિ હતી? જૈન કે જૈનેતર બધાય તેમના અનુયાયી થવા તલસતા હતા, જેના પ્રતાપથી દેવો પણ શાસનસેવા કરવા ખડે પગે તૈયાર રહેતા, તેવીજ રીતે જુઓ તાર્કિક **શીરોમણિ સિદ્ધસેન દિવાકરના સમયની** સુંદર પરિસ્થિતિ! તે વખતે આપણામાં કેટલી બધી ઐક્યતા હશે તે પણ જેવા જેવું છે. **પ્રાકૃતનું સંસ્કૃતના ફેરવવાના મનોરથમાં** સંઘ બહિષ્કૃતની આજ્ઞા મળી. કેટલા વિજયભાવથી તે આજ્ઞા તેમણે શિરોમાન્ય ગણી છે. આપણે તેવા પ્રખર વિદ્વાનને તેવી આજ્ઞા ઉઠાવતાં નિહાળીયે છીયે ત્યારે તે વખતની ઐક્યતાનું સુંદર ચિત્ર આપણી દૃષ્ટિ સન્મુખ રજુ થાય છે. અત્યારે આપણે આપણી પરિસ્થિતિ જોઇ જરૂર દુઃખી થઇશું

૧ આમાં લેખકનો આશય એવો નથી કે અત્યારે સાચી શ્રદ્ધા અને વૈરાગ્ય કયાંઇ નથી. ક્યાંક ક્યાંક છે ખરા, પરંતુ ઘણે સ્થળે ઉપર્યુક્ત સ્થિતિ છે એ વાત ચોક્કસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને શાસનસેવકનું હૃદય રડી ઉઠશે. આપણામાં આટલી બધી અધોગતિ કે જે ધર્મ આખા આર્યવર્તમાં ગાજી રહ્યો હતો તે આજે થોડા શ્રાવકોના હાથમાં રહ્યો છે. જુઓ ! **પરમયોગીશ્વર** શ્રી **હેમચંદ્ર સુરીશ્વર** અને મહારાજાધિરાજ કુમારપાળના સમયની આપણી પરિસ્થિતિ સાંભળી આનંદથી આપણી છાતી વેંત વેંત ઉછાળા મારે છે. અહા ! શું આપણી ઉન્નતિ ! શું જૈન ધર્મની વિજયપતાકાનો અદ્‌ભુત પ્રભાવ, સાતક્ષેત્રમાંથી એક પણ ક્ષેત્ર ડુબતું નહીં, જેના ઉદ્ધાર **માટે હેમચંદ્રસુરિ** જેવાએ પોતાના દેહને અર્પણ કર્યો હતો અને અંતે એ સેવાયજ્ઞમાં પોતાનો દેહ અર્પણ કર્યો હતો, અહા. શું તેમનો ત્યાગ ! આખી જીંદગી એક ક્ષણ પણ વિસામો લીધા સિવાય શ્રી વીરશાસનને માટે કામ કર્યાજ કર્યું છે. માન કે અપમાનની દરકાર કર્યા સિવાય રાજદ્વારી ઉપદેશ આપી રાજવીઓને પ્રતિબોધી કેટલાએ વીરભકતો–શ્રાવકોનો વધારો કર્યો હતો ? તેમજ **સરસ્વતી દેવીની આરાધના કરી અનેકાનેક ગ્રંથરત્નો રચી** શાસનની સેવા બજાવી છે.

હવે એ **કુમારપાળ રાજાના સંઘનું** મનોહર દૃશ્ય જુઓ ! તમારી દૃષ્ટિ સન્મુખ રજુ કરો, પછી અત્યારની પરિસ્થિતિ તરફ જોશો તો જરૂર ખેદ થશે. જે રાજાએ શ્રાવકોના ઉદ્ધાર માટે દરવર્ષે કરોડો રૂપીયા ( તે વખતનું ચલણીનાણું ) નો વ્યય કર્યો હતો–છે અને જેને તેમાંજ સાચી ભકિત હતી. જેણે સારાં સારાં ગગનચુંબી ભવ્ય મંદિરો બંધાવ્યાં હતાં તેજ ગુરૂવર્ય **હેમચંદ્રસુરીશ્વર અને કુમારપાળ** આજે એ પુનિત આચાર્ય ઉપર અનેક અન્ય દર્શનીઓ વગર વિચારે વગર તપાસે નિડર રીતે આક્ષેપોનો વરસાદ વરસાવી રહ્યા છે.

આટલું છતાં આપણે શાંતિથી બેસી રહીએ એ આપણી કઇ પરિસ્થિતિ-જાગૃતિનું સૂચન ( ? ) કરી રહ્યા છીએ એ નથી સમજાતું. જે વખતે આખા આર્યાવર્તમાં જૈનોની સત્તા સર્વોપરી હતી. જેના પાસે જૈનેતરો સદાય યાચક વૃત્તિ કર્યાજ કરતા અને એ ઉદાર દીલના જૈનો તે યાચક વૃતિને પોષેજ જતા હતા એજ ઉદાર દીલના કુટુંબના વારસદારો હજારો જૈનોને એક ટંકના રોટલાના પણ સાંસા છે ! અત્યારે આપણું સાચું જૈનત્વ નરી મ્હેલાતોમાં નથી સમાતું, કિન્તુ ગામડાના ઝુંપડામાં પણ જૈનત્વ વસે છે, પછી ભલે તે થોડે અંશે હોય, પણ છે તો ખરૂં, એ આપણા **જાતિભાઇઓ માટે આપણે મરી ફીટવુંજ** રહ્યું. જ્યાં સુધી અત્યારના સમસ્ત જૈનો ( મુઠીભર ) ભલે લક્ષાધિપતિ ન બને પણ પુરૂં અન્ન વસ્ત્ર અને પુરતી કેળવણી પામે નહીં ત્યાં સુધી આપણી સ્થિતિ સુધરી ન કહેવાય. આ સ્થિતિ સુધારવાની ઘણી જરૂર છે. ધનિકો મોજમઝા ઉડાવે કે બધાય સુખી છે એમ માનવા લલચાવું એ ખરેખર અનુચિત છે. જ્યાં સુધી આપણાજ ભાઇઓ વીરપિતાના પુત્રો સુખી ન હોય ત્યાં સુધી શ્રી વીરશાસનના સેવકે ભુખ અને ઉંઘને ઉંચે મુકવી જોઇએ; આવું થાય તોજ આપણી અત્યારની પરિસ્થિતિમાં સુધારો થઇ શકે તેમ છે.

આપણે એક વાત તો તદન ભુલીજ ગયા. **સમ્રાટ્ સંપ્રતિ કે** જેના સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યમાં જૈન ધર્મ ખરી ઉન્નતિના શિખરે પહોંચ્યો હતો. જ્યાં જુઓ ત્યાં ગરીબ કે તવંગર, રાય કે રંક પ્રભુના ચરણે શીર નમાવતા હતા. જ્યાં સવાલાખ જીન મંદિરો તૈયાર થાય એ આપણી કેટલી ઉન્નતિ સૂચવે છે! અનાર્ય દેશમાં સાધુઓનો વિહાર શરૂ થાય, સેંકડો બલ્કે હજારો સાધુ મહાત્માઓ નિરંતર પોતાના ઉપદેશથી નવા નવા મહાવીર ભકતો તૈયારજ કરે અને એવી રીતે વીરપુત્રોનો વધારોજ થાય રહ્યા કરે—આખા ભૂમંડળમાં વીરશાસનની વિજય પતાકા ફરકી રહે એ આપણી સાચી જાગૃતિની નિશાની છે, એમાંજ આપણું ગૌરવ સમાએલું છે. એ વાતને આજે સેંકડો વર્ષ વીત્યા છે; છતાં તેના વિજયનાદના આછા આછા ભણકાર હજી પણ સંભળાય છે. જ્યારે આપણે એ સ્થિતિએ પહોંચીએ ત્યારેજ આપણી ખરી જાગૃતિ કહેવાય. શાસનદેવ આ સ્થિતિ જલ્દી દેખાડે.

તેવીજ રીતે જ્યારે જૈનાગમો વિસ્મૃત થવાની તૈયારીમાં હતા ત્યારે દેવર્ધિગણી જેવા અપશ્ચિમ પૂર્વધરે શું શું કર્યું હતું ? જુઓ વલ્લભીમાં સેંકડો સાધુ મહાત્માઓ એકઠા મળ્યા, શાંતિથી વિચારોની આપ–લે કરી ત્યાં અત્યારની જેમ નહોતું. મત્સરને સ્થાન નહોતું માત્ર સ્થાન હતું શ્રી વીરશાસનની સેવાને. તે વખતે વલ્લભીમાં આપણું સ્થાન કેટલું અને કેવું ઉંચું હશે ? તેની કલ્પના કરવી મુશ્કેલ છે. ત્યાં જૈનશાસનની વિજયપતાકા કેવા વિજયનાદથી ફરકતી હશે જ્યાં સેંકડો સાધુ મહાત્માઓ—ત્યાગની જીવંત મૂર્તિરૂપ સાધુ મહાત્માઓ જ્યાં આનંદથી મળે, ત્યાં શાસનદેવોને પણ આકર્ષાઇ હાજર રહેવું પડે અને એ શાસન દેવોને આપણો કીર્તિસ્તંભ અડગ કરતા નીહાળીએ છીએ ત્યારે આપણને કેવો આનંદ થાય છે? અત્યારે આપણે એ કીર્તિસ્તંભને હચમચતો જોઇ રહ્યા છીએ, જૈનેતરો પણ તેને હચમચાવી રહ્યા છે તેને સુદૃઢ કરવાની આપણી પ્રથમ ફરજ છે. ઓ શાસનસેવકો ! દેવર્ધિગણીએ રચેલા એ કીર્તિસ્તંભના ઉદ્ધારમાં જ આપણું ગૌરવ અને ઉન્નતિ છે એ ભૂલતા નહિં.

હવે નજીક આવો. **વસ્તુપાળ તેજપાળના** સમયમાં શું જૈનોની ઉન્નતિ? કેવો જૈનાચાર્યોનો અદ્વિતીય પ્રભાવ! કેવી જૈનોની ઉદારતા અને જૈનોની સાધન સંપન્ન સ્થિતિ ? અત્યારે એ બધું કયાં અને શાથી અલોપ થયું તેની ખબર અંતરે નથી. આપણે કાળને દોષ આપીશું; પરંતુ આપણી ત્રુટીઓ કયાં છે તે જોવા આપણે નહીં જઇએ. એ આબુજીના ગગનચુંબી ભવ્ય મંદિરો અને જુનાગઢના શીખરે વિરાજતા વસ્તુપાળના **મંદિરોમાં** આપણી ખરી પરિસ્થિતિ નીહાળીશું ત્યારે ઘડીક આનંદ થશે, અને ત્યારપછી અત્યારની સ્થિતિ જોઇ દુઃખિત હૃદયે નિશાસા નાખી પાછા વળવું પડશે.

હવે છેલ્લે આવો. **શ્રી હીરવિજય સૂરિના** સમયમાં આપણી ઉન્નતિનો એ છેલ્લો દિવસ છે ( આ ઉપરથી હું એમ કહેવા નથી માગતો કે ત્યારપછી સદા અધોગતિજ રહી છે. પરંતુ એ અકબર બાદશાહના દરબારમાં શિષ્યો સહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગદ્દગુરૂ શ્રી હીરવિજયસૂરિ શોભી રહ્યા હોય, એવું સુરમ્ય ચિત્ર તો એમના પછી નથીજ ચિત્રાયું. એટલે એ સ્થિતિ છેલ્લી છે એમ મારા કહેવાનો આશય છે. બાકી એમની પછી શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી જેવા ઘણા મહા પુરૂષો જાગ્યા અને જાગશે તેમ ઉન્નતિ–ઉદય પણ થયા કરશે ) એ શાંત યોગીશ્વરની ભવ્ય મુખાકૃતિ જોઈ મ્લેચ્છો પણ જેના ચરણમાં ભકિત ભાવથી મસ્તક નમાવે, જેનો અદ્વિતીય પ્રભાવ આર્યાવર્તના સમસ્ત સંઘ ઉપર એક સરખો જ પડે, એ ચિત્ર બહુ રમ્ય લાગે છે. અત્યારે આપણે તેની જ જરૂર છે. શું તેમની પ્રભાવશાલી મુદ્રા અને શું જૈન શ્રાવકોની અડગ શ્રદ્ધા ને ભકિત. એ બધું જોવું હોય તો તપાસો–**હીરસૌભાગ્ય મહાકાવ્ય અને ઋષભદાસકૃત હીરવિજયસૂરિરાસ** તેમાં તમને પાને પાને અને લીંટીયે લીંટીયે તમારૂં વ્યકિતત્વ અને તમારી ભુતકાળની પરિસ્થિતિનાં સુરમ્ય ચિત્રો મળી આવશે. તેમાં કયાંય નથી ખોટી કલ્પનાઓ કે અતિશ્યોકિત. માત્ર આપણી પરિસ્થિતિનું તે વખતનું સુંદર બ્યાન તેમાં સુંદર આકારે રજુ થયેલું સુજ્ઞ વાંચકોને તપાસતાં માલુમ પડી આવશે.

વાંચક ? આ બધું અત્યારે શા માટે છે એમ તને લાગશે અને જો તું શાસન સેવક હોઈશ તો જરૂર લાગશે–લાગવુંજ જોઈએ, એનો ઉત્તર આપવા હું પ્રયાસ કરૂં છું " મને અત્યારના જૈનોની દુઃખદ સ્થિતિ જોઇ એ વાતો જુની–જગ જુની છતાંય જાણે કાલે સવારે જ બની હોય તેમ તાજી લાગી. આપણી પરિસ્થિતિ સુધારવાની આ એક ચાવી છે. આ બધી આપણી પૂર્વની સ્થિતિ સ્મરણ પટમાં લાવવાથી આપણને જલ્દી જાગવાનું મન થાય–આપણી પરિસ્થિતિ સુધારવા તૈયાર થઈએ. એટલાજ ખાતર આપણી થોડી જુની પણ પવિત્ર વાતો સંભારી છે." આપણે માત્ર આપણા ગુરૂ મંદિરમાં મહાલીએ તેના કરતાં એ કાળ જુના મંદિરોના ઉદ્ધાર કરીએ તેમાંજ આપણી ઉન્નતિ સમાયેલી છે. આપણામાં કુસંપના બી બહુ ઉંડા રોપાઇ ગયા છે, સાચી શ્રદ્ધા દૂર થઈ છે અને પાશ્ચાત્ય સ્વતંત્રતાના બ્હાના હેઠળ સ્વચ્છંદતા વધી છે, અને છેલ્લે શાસનસેવકોની યોગ્ય કદર કરતા નથી શીખ્યા ત્યાં સુધી આપણી ઉન્નતિ દૂર છે.

હવે છેલ્લે આપણી ઉન્નતિ કઇ રીતે થાય તે સંબંધી કંઇક સુચવી હું વિરમીશ. " **આપણે મહારાજા શ્રેણીક, સમ્રાટ સંપ્રતિ અને કુમારપાળ જેવી શ્રદ્ધા અને કામ કરવાનો ઉત્સાહ પ્રાપ્ત કરીએ તો મને લાગે છે કે આપણી ઉન્નતિ તદ્દન નજીક છે.** " બીજું " શ્રી સિદ્ધસેન દીવાકર અને દેવર્ધિગણી ક્ષમાશ્રમણ જેવો સંપ–સાચું જ્ઞાન પ્રાપ્ત કરીએ તો આપણો ઉદ્ધાર જલદી થાય તેમાં લગારે સંશય જેવું નથી. " છેવટ આ ત્રણ વસ્તુ આપણે માટે ખાસ જરૂરી છે. સાચી શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને સંપ–જ્યારે આ ત્રિપુટી આપણા ઉપર અગાધ સત્તા જમાવશે તેજ વખતે આપણો ઉદ્ધાર છે–જાગૃતિ છે.

શાસનદેવ એ સમય નજીક લાવે એમ ઇચ્છી વિરમું છું. ૐ **શાંતિઃ**

લે૦ સુધાકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

પવિત્રશ્રી સિદ્ધક્ષેત્રમાં પંન્યાસજી શ્રીભક્તિવિજયજી મહારાજ અને પં. મહારાજ શ્રીધર્મવિજયજી મહારાજ વિગેરે ચાતુર્માસ બિરાજે છે. જેથી આ વખતે ઘણા જૈન બંધુઓ અને બ્હેનો બહારગામથી ચાતુર્માસ સિદ્ધક્ષેત્રમાં કરવા ઉક્ત મુનિમહારાજના યોગથી આવેલ છે. નિરંતર દેવગુરૂ તીર્થભકિત, પૂજાઓ, સ્વામિવાત્સલ્ય વગેરે જુદા જુદા બંધુઓ વગેરે તરફથી થાય છે. વળી હાલમાં ઉપધાન વહન કરવાનું મહા માંગલ્યકારી કાર્ય જુદે જુદે સ્થળે પણ શરૂ થયું છે. આસો શુદ ૧૧ થી આ તપ વહન કરવાનું મુહૂર્ત છે અને પાટડી નિવાસી શેઠ ઘેલાભાઈ ગણેશ, વોરા રાજપાળ છગનલાલ અને સાકરચંદ ખીમચંદ તથા રૂગનાથ કેવળદાસ વગેરે પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજના ઉપદેશથી પોતાના ખર્ચે શરૂ કરાવે છે. ઉક્તમહાત્માની મૂળ જન્મભૂમિ રાંધનપુર હોવાથી રાંધનપુર નિવાસી ઘણા બંધુઓ અને બહેનો ચાતુર્માસ કરવા અત્રે આવેલા છે. મુખ્ય શેઠ શ્રી જીવતલાલ પ્રતાપસી છે. જેઓ પોતાને મળેલ ઉત્તમ લક્ષ્મીનો લાભ અત્રે ચાતુર્માસ રહી, અનેક ધાર્મિક કાર્યો કરી તેમાં પૈસાનો સારો વ્યય કરી લે છે હાલમાં અઠ્ઠાઇ મહોત્સવ શાંતિ સ્નાત્ર વગેરે પણ માંગલિક કાર્યો પણ થયા હતા. તેમાં પોતે પણ તન મન અને ધનથી સારો લાભ લે છે. સાથે ગીરધરલાલ ત્રિકમલાલ કોઠારી કે જેમણે આ મુનિરાજશ્રીની સાથે ત્રણ વર્ષ ઉપર રાંધનપુરથી સંઘ કાઢી અત્રે પધાર્યા હતા અને મોટી રકમ ખર્ચી આત્મસાર્થક કર્યું હતું. તેઓ પણ જીવતલાલભાઇની જેમ દેવ, ગુરૂ, તીર્થ સાધર્મિક બંધુ વગેરેની ભક્તિ કરી સારો લાભ લે છે. સુકૃતની કમાઇની નીશાની એજ છે કે આવા સારા ઉતમ કાર્યોમાંજ વપરાઇ આત્મિક લાભ આપે છે. અમો ત્યાં થતાં સર્વ ધાર્મિક કાર્યોની અનુમોદના કરીયે છીએ અને તેવા ઉત્તમ કાર્યોમાં લક્ષ્મીનો વ્યય કરનાર તેવા બંધુઓને ધન્યવાદ આપીયે છીએ. સાથે સાથે શેઠ જીવતલાલભાઇ તથા ગિરધરલાલભાઇ વગેરે જૈનબંધુઓને નમ્ર સુચના કરીયે છીયે કે વધારામાં વર્તમાન કાળને જરૂરીયાત તેવા સાધર્મિક બંધુઓ કે તેના બાળકોને આશ્રય સ્થાન, વિદ્યાદાન, જ્ઞાન કેળવણી, કે તેવી કોઇ જરૂરીયાત પુરી પાડવાને માટે પોતાનો ઉદાર હાથ લંબાવી સાર્થક કરશે.

# સુધારો.

શ્રાવણ અને ભાદરવા માસના અંકમાં વિશ્વરચના પ્રબંધવાળા લેખમાં જ્યાં ભૂલો રહી ગઇ છે ત્યાં સુધારો મુકવા માટે તેના લેખક મહાશય તરફથી આવેલ તે નીચે મુજબ જણાવવામાં આવે છે તે પ્રમાણે સુધારી વાંચવું.

પા. ૧૯ પં. ૪ **वाक्यतिम्** ને બદલે **वाक्यर्ति.**
પા. ૨૨ પં. ૧ તેમજ પડયો ,, વળી પડયો.
,, પં. ૩ પણ વાયરલેસ ,, વાયરલેસ પણ.
,, પં. ૧૧ પાનું ૨૨ ,, ત્યાં પ્ર૦ ૨૨.
,, ,, સાવન ,, સાધન.

પા. ૩૭ પં. ૧૬ વર્તમાન સમયરૂપ એક પ્રદેશવાળું અજીવ દ્રવ્ય છે. તેને બદલે કાળને પ્રદેશ ન હોવાથી પાંચમું દ્રવ્યકાળ વર્તમાન સમયરૂપ અજીવ તત્ત્વ છે એમ વાંચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પા. ૩૭ પં. ૧૯ કાંઇપણ વિચાર થઇ શકે તેને બદલે કાંઇપણ વિચાર ન થઇ શકે તે.
પા. ૩૯ પં. ૧૦ વર્ષો તેને બદલે વર્ષે.
,, પં. ૧૧ શ્વલક્ષ્ણુ ,, શ્લક્ષ્ણુ.
,, પં. ૧૫ વાલાગ્રે ,, વાલાગ્ર.
,, પં. ૨૩ વાલાગ્રંક ,, વાલાગ્રાંક.
પા. ૪૦ પં. ૧૨ આરા ,, આરાનો.
પા. ૪૦ પં ૧૪ બંને મળવાથી એક ગાળચક્ર થાય છે એ બે વારને બદલે એકવાર વાંચવું.
પા. ૪૦ પં. ૧ અદ્ધાપલ્યોપમને બદલે બાદર અદ્ધાપલ્યોપમ.
પા. ૪૦ પં. ૩ સુક્ષ્મ ને બદલે અદ્ધાસુક્ષ્મ.
પા. ૪૧ પં. ૨ એક ને બદલે અંક,
પા. ૪૨ પં. ૧૩ પલ્લા ને બદલે પ્યાલા
પા. ૪૩ પં. ૧ પ્રતિશલાકા ને બદલે પ્રતિશલાકા અને મહા શલાકા,
પા. ૪૩ પં. ૯ પ્રત્યેક ને બદલે પરિત્ત.
પા. ૪૩ પં. ૧૦ ,, ,,
પા. ૪૩ પં. ૧૦ અથી ને બદલે "અ૦થી"

---

૨ ગયા અશાડ માસના અંકમાં અનુક્રમણિકામાં નંબર ૪૦ ના લેખમાં શ્રીભાવવિજયજી લખેલ છે ત્યાં મુનિરાજ ક્ષેમકુંજરજી સમજવું.

# ગ્રંથાવલોકન.

**શ્રી ચારિત્ર પૂજા અથવા શ્રી બ્રહ્મચર્ય વ્રત પૂજા વિવેચન સહિત**—આ બુક અમોને અભિપ્રાય માટે ભેટ મળેલી છે. વર્તમાનમાં રુચીકર અને સુંદર રાગ રાગિણીઓમાં આ અને આ સિવાય તેર પૂજા વિદદ્વર્ય મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજે બનાવી જૈન સમાજ ઉપર ઉપકાર કર્યો છે. આ પૂજા હાલમાં ઉક્ત મહાત્માએ બનાવી છે. તેમાં આવેલ રાગો અને તેની રચના, પદલાલીત્યપણું અને ભાવ ઉત્તમ પ્રકારના છે. બુકની શરૂઆતમાં વક્તવ્ય લખેલ તે વાંચવા જેવો છે, જેમાં બ્રહ્મચર્યનું પ્રધાનપણું શાસ્ત્રોક્તરીતે બતાવી, પૂજાપ્રેમી ભકતોને માટે પૂર્વાચાર્યોએ તે દ્વારા બોધ થવા પૂજાઓ બનાવેલી છે કે જેવી પૂજા બનાવવાથી લોકો ઉપર ખરેખરો ઉપકાર થાય છે. તે જણાવી આ પૂજા બનાવવા માટે કેમ પ્રસંગ પ્રાપ્ત થયો તે જણાવ્યું છે. ત્યારબાદ પૂજા પૂર્ણ થયા બાદ તેનાપર વિવેચનો માટે પરિશિષ્ટો આપેલા છે. પ્રથમ પરિશિષ્ટમાં ચારિત્રનો અર્થ, તેના પાંચ પ્રકારો, ચરણસત્તરીના ભેદો, પંચમહાવ્રત, ૧૭ પ્રકારના સંયમ, વૈયાવૃત્યના ૧૦ ભેદો, જ્ઞાનાદિ ત્રણ, નવ બ્રહ્મચર્ય, ત્રણ ગુપ્તિ, બાર પ્રકારના તપ કષાય નિગ્રહ, કરણ સત્તરીના ભેદો—પિંડવિશુદ્ધિ (૪) સમિતિ (૫) ભાવના (૧૨) પ્રતિમા (૧૨) ઇંદ્રીયરોધ (૫) પ્રતિલેખના (૨૫) ગુપ્તિ (૩) અભિગ્રહ (૪) પરિષહ (૨૨) ઉપસર્ગ (૧૬) વગેરેના ભેદો તેના અર્થ અને વિવેચન તેમજ બ્રહ્મચર્યનું વિવેચન અને આ બધા ઉપર શાસ્ત્રોની સાક્ષી આપી ખાસ જ્ઞાનના ખપી માટે એક ઉત્તમ રચના કરી છે.

બ્રહ્મચર્યની આઠમી પૂજાના દોહરામાં કહેલ લગ્ન સમય નિર્ણય માટે કઇ ઉમ્મર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય છે તે માટે શાસ્ત્રાધારો બતાવી તેની પણ પુષ્ટી કરેલ છે. પુલાકાદિક પાંચ નિગ્રંથની હકીકત છેવટે આપી પ્રથમ પરિશિષ્ટ પૂર્ણ કરેલ છે.

**બીજા પરિશિષ્ટમાં આ બ્રહ્મચર્ય પદની પૂજામાં સુચવેલા દૃષ્ટાંતો કથાઓનો સંગ્રહ વિસ્તાર પૂર્વક આપવામાં આવેલ** છે. જેમાં સિંહગુફાવાસી મુનિ, લક્ષ્મણા સાધ્વી રોહિણી વગેરે સોળ કથા કઇ પૂજામાં કયે સ્થળે તે દૃષ્ટાંતો છે તે સાથે જે આપવામાં આવેલ છે તે આ મહાત્માના વિદ્વાન શિષ્ય **પન્યાસ શ્રી લલિતવિજયજી મહારાજની** કૃતિ છે, જે ખરેખર વાંચવાયોગ્ય છે. પોતાના ગુરૂરાજશ્રીની આ પૂજાની રચનાને ઉચ્ચપદ આપી ગુરૂભક્તિ બજાવવા પં૦ શ્રી લલિતવિજયજી મહારાજે આ દૃષ્ટાંત સંગ્રહની જે રચના કરી છે તે પણ વિદ્વત્તા પૂર્ણ હોઇ ગુરૂભક્તિનું ખરેખર એક અંગ તેઓએ સિદ્ધ કરી બતાવ્યું છે. જેના પઠન પાઠનથી વાંચક વર્ગને પણ માલુમ પડે તેમ છે. છેવટે પંન્યાસજી શ્રી લલિતવિજયજી મહારાજે મનની ચંચલતા–પૂરાણ પ્રસંગનો એક લેખ લખેલો છે તે તથા પૂજાના કર્તા મહાત્મા શ્રી વલ્લભવિજયજીની 'સ્ત્રીકી પતિને પ્રાર્થના, શિલવિષયક સ્ત્રીને હિતશિક્ષા' આ બે પદો પણ આ ગ્રંથને અનુસરતા બનાવી આ ગ્રંથ પૂર્ણ કર્યો છે. આ ગ્રંથના મનનથી જ્ઞાન થવા સાથે દેવભક્તિમાં અપૂર્વ આહ્લાદ ઉત્પન્ન કરનાર એક ઉચ્ચ કૃતિ બના છે. તેના પ્રકાશક અમદાવાદ નિવાસી **શેઠ ભોગીલાલભાઇ તારાચંદ** ઝવેરી કે જેઓની પ્રેરણાથી જ આ પૂજા વિવેચન પૂર્વક બની છે અને પોતાના ઘરના પૈસાથી છપાવી વિના મૂલ્યે આપવાને જ્ઞાનોદ્ધારના આ કાર્ય માટે કરેલ સુપ્રયત્ન માટે તેઓ પણ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

---

**ધી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાનો**—સં. ૧૯૭૯ નો વર્ષિક રીપોર્ટ અમોને મળ્યો છે. આ સંસ્થા બુદ્ધિમાન્, શ્રીમાન અને કાર્યવાહકોની બનેલી હોઈ જૈનધર્મની અનેક સેવાઓ કરી શકે તેમાં નવાઇ નથી. આ વર્ષમાં આ સંસ્થાએ હિંસા અટકાવી જીવદયાના, સ્કોલરશીપો આપી કેળવણી ઉત્તેજનના, નાંદલાઇ અને અંતરીક્ષજી જેવા તીર્થો માટેની અનેક મુશ્કેલી માટે લડત ચલાવી જૈન તીર્થના રક્ષણ વગેરેની બાબતના, અને ધારા સભામાં પ્રતીનિધિત્વની માગણી, જૈન તહેવારોની રજા અને જૈન ધર્મ ઉપર અન્ય વિદ્વાનોએ કરેલા આક્ષેપો સામે લીધેલા ઉપાયોથી જૈન સામાજીક સેવાની બાબતમાં અને શ્રી આબુજી તીર્થ ઉપર કેમ્પના નાકાથી દેલવાડા પગ રસ્તે જતાં ભોગવવી પડતી જૈનોને હાડમારીની બાબતમાં તો ખાસ લડત ચલાવીને મુશ્કેલીઓ દૂર કરાવા કરેલી સેવા વગેરે આ રીપોર્ટથી જાણી આ સંસ્થાના આવા કાર્યો માટે તેને ધન્યવાદ ઘટે છે. આ સંસ્થાને તમામ જૈન કોમ તન, મન અને ધનની સંપૂર્ણ સહાય આપે તો તે ઘણું કરી શકે તેવી છે. જૈનધર્મની સેવા કરનારી આ સંસ્થા સૌથી જુની છે. આ સંસ્થાને જાહેર લતા ઉપર ખાસ મકાનની આવશ્યકતા છે, મુંબઇમાં અનેક ધનાઢય જૈનબંધુઓ વસે છે તો તેમાં પણ સહાયક થાય અથવા એક ફંડ કરી તેમ કરવા તેના કાર્યવાહકોને સુચના કરીયે છીએ. આ સંસ્થાના કાર્યવાહકો ખરેખર ધન્યવાદને પાત્ર છે. કારણકે આ રીપોર્ટ તેની સાક્ષી પૂરે છે. અમો ભાવિષ્યમાં તેની આબાદિ ઇચ્છીએ છીએ.

**શ્રી પાલણપુર વીર વિદ્યોતેજક સભાનો રીપોર્ટ**—આ સંસ્થાનો સં. ૧૯૬૮થી સં. ૧૯૭૯ના આસો વદ ૩૦ સુધી ( ૬૧ વર્ષનો ) રીપોર્ટ મળ્યો છે આ સભા, લાઇબ્રેરી, આલમચંદજી જૈન પાઠશાળા આ બે ખાતા પોતાના હસ્તક ચલાવે છે. પાઠશાળામાં હાલ ૪૬ વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવે છે. પાલનપુર જેવા જૈન શ્રીમતો છતાં લાઇબ્રેરી તથા પાઠશાળા કેમ આવી ધીમી ગતિએ અને નાના પાયાપર છે તેમ સમજી શકાતું નથી. રીપોર્ટ વાંચતાં વહીવટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતસરનો છે અને હિસાબ પણ ચોખવટવાળો છે. આ સભાને ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજે સુદૃઢ કરેલ હોવાથી તે મહાત્માનું નામ સંસ્થા સાથે જોડેલ છે.

**શ્રી વિજયધર્મ પ્રકાશક સભાનો રીપોર્ટ**—આ સભાને સ્થાપન થયા એક વર્ષ પુરૂ થયેલ છે. આચાર્યશ્રી ધર્મવિજયજી મહારાજનું નામ જોડી ગુરૂભક્તિ પ્રદર્શિત કરી છે. વકતૃત્વ કળા તથા લેખનકળા ખીલવવાનો વગેરેનો આ સંસ્થાનો ઉદ્દેશ છે. તે પ્રમાણે ગયા વર્ષમાં જુદા જુદા વિષયો ઉપર જુદા જુદા પ્રમુખો નીમી ભાષણો કરાવ્યા હતા, તેમજ વિજયધર્મપ્રકાશ નામનું હસ્ત લીખીત માસિક પ્રગટ કરવાનું રીપોર્ટમાં જણાવવામાં આવે છે. ઇનામી હરીફાઇના ભાષણો કરાવી સારા બોલનારને ઇનામો આપવાનું પણ કાર્ય કરેલ છે. કોઇ કોઇ વખત જાહેર પત્રિકા-સુચના પત્ર પ્રકટ કરી કોમની સેવા પણ કરે છે. આ સંસ્થાના સભાસદો ઉત્સાહી છે. અમો તેની આબાદિ ઇચ્છીયે છીયે.

**દુર્લભ કાવ્યકલ્લોલ**—આ કવિતાની બુકના કર્ત્તા **મહેતા** દુર્લભજી ગુલાબચંદ વળા તરફથી અમોને ભેટ મળેલ છે. તેઓ કેટલાક વખતથી કવિતાઓ બનાવે છે. આ ગ્રંથમાં સાત વ્યસન, અઢાર પાપસ્થાનક, દ્વાદશભાવના ચોવીશી, કેટલાક સ્તવનો અને પાદપૂર્તિ વગેરે કાવતાનો સંગ્રહ છે. કાવ્યના પ્રેમી માટે તે ઉપયોગી છે. કિંમત રૂા. ૧-૩-૦ કર્ત્તા તથા આ સભા પાસેથી મળી શકશે.

**સિદ્ધાચળ મહાતીર્થ સ્તવનાવળી**— પ્રકાશક ધર્મપ્રેમી ભાવસાર ગાંડાલાલ માનસંગ **વરતેજ.** બીજા કેટલાક આવા નાના ગ્રંથો જેમ ભેટ આપવા છપાવેલ છે તેમ આ બુક પણ તે માટે પોતાના તરફથી પ્રકટ કરેલ છે. શ્રી શત્રુંજય તીર્થના કેટલાક સ્તવનો અને ચોવીશ સ્તવન સંગ્રહ આ બુકમાં દાખલ કરવામાં આવેલ છે. આવી ઉપયોગી લઘુબુકો પ્રકટ કરી ભેટ આપવાના આ પ્રયત્ન માટે તેના પ્રકાશક ખરેખર ધન્યવાદને પાત્ર છે.

**શ્રી આદિનાથ ચરિત્ર, ધર્મવીરકુમારપાળ, શ્રી મહાવીરસ્વામીના દશ શ્રાવકો**—આ ત્રણ બુકો જૈન સસ્તી વાંચનમાળા ભાવનગર તરફથી અમોને ભેટ મળેલ છે. ત્રણે ગ્રંથો સરલ ગુજરાતી ભાષામાં લખાયેલા છે. તેની જુદી જુદી કિંમત જે બે રૂપૈયાથી સવા રૂપીયો રાખેલ છે તે ગ્રંથના પ્રમાણમાં વિશેષ જણાય; પરંતુ સસ્તી વાંચનમાળાના નિયમ પ્રમાણે લેનારને આર્થિક દ્રષ્ટિએ લાભ છે. ત્રણે ગ્રંથોમાં મહાન પુરૂષોના ચરિત્રો હોવાથી વાંચવા જેવા છે.

મળવાનું ઠેકાણું— **જૈન સસ્તી વાંચન માળા.**

C/o **રાંધનપુરી બજાર—ભાવનગર.**

## નીચેના ગ્રંથો ભેટ મળેલા છે જે ઉપકાર સાથે સ્વિકારવામાં આવે છે.

૧ શ્રી ધર્મ વિધિ પ્રકરણ. શ્રી હંસવિજયજી ફ્રી લાઇબ્રેરી—અમદાવાદ.

૨ શ્રી જૈન સ્તુતિ.<br>
૩ શ્રી ભક્તામર સ્તોત્ર ગદ્ય પદ્ય ભાષાંતર સહિત. } ઝવેરી ભાઇચંદ કસ્તુરચંદ-મુંબઇ.

૪ પંડિત શ્રી વીરવિજયજીકૃત સ્નાત્ર પૂજા વિધિસહિત. શા બાલાભાઇ નાગરદાસ-અમદાવાદ

૫ દેવસીરાઇ પ્રતિક્રમણ મૂળ શ્રી જામનગર જૈન મિત્રમંડળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

લાયબ્રેરીનો શણગાર ! જીવનને ઉત્તમ બનાવનાર સાથી !

શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રસિદ્ધ થયેલાં

યોગનિષ્ઠ વિશાળદષ્ટિ પંડિત કવિરત્ન

# જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ

એમની કસાયલી કલમથી લખાયલાં ધર્મ, આત્મજ્ઞાન, યોગ, સમાજોપયોગિ સદુપદેશથી ઉભરાતા નવીન પ્રકટ થયલા

# અમૂલ્ય ગ્રંથો.

૧. **ઇશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ**—ઉપનિષદ્‌નું આધ્યાત્મિક દૃષ્ટિએ વિસ્તારથી વિવેચન. આ ગ્રંથમાં પ્રથમ મૂળ શ્લોક આપી તેની નીચે શબ્દાર્થ અને તત્પશ્ચાત તેનો લંબાણ અનુભવાર્થ આપવામાં આવ્યો છે. વેદ જેવા ગહન વિષય પર એક જૈન વિદ્વાનને હાથે આ પ્રથમજ વિવેચન છે. ડેમી આઠ પેજી સળંગ છીંટનું કાપડી એમ્બોઝ પાકું પુઠું પૃ. ૩૬૦ કીંમત રૂ. ૧–૦–૦.

૨. **ભજનપદ સંગ્રહ ભા. ૯**—શ્રીમદ્‌ની આધ્યાત્મિક યોગ, ધ્યાન તથા વ્યવહારિક શૈલીનાં રસાળ ભજનો જાણીતાં છે. આ ભાગમાં તેવાં જૂદા જૂદા રાગમાં અનેક ભજનો આપવામાં આવ્યાં છે. જેવાં કે આત્મિક સ્વરાજ, સ્વદેશ, અમારો ગુજરાત, વંદેમાતરમ્, સત્ય પ્રેમ, હિન્દ ઉઠ, આદિ આત્મિક રાષ્ટ્રિય અને વ્યવહારિક દષ્ટિનાં ભજનોનો સાગર તેમાં ઉભરાય છે. ડેમી આઠ પેજી. સળંગ છીંટનું કાપડી એમ્બોઝ પાકું પુઠું પૃ. ૫૮૪ કીંમત રૂ. ૧–૮–૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૩ ભજન સંગ્રહ ભા. ૧૦**—આ ગ્રંથમાં **શ્રીમદ્દની** આત્મદશા યોગ, ધ્યાન, સમાધિ વિગેરેની મસ્તીનાં ગાન કરે છે. **શ્રીમદે** સ્વાનુભવના ઉભરા આમાં ઠાલવ્યા છે. આશાવરી, ભેરવી, સોરઠ જેવા ઉત્તમ રાગોમાં આ શ્રેષ્ઠ કોટિનાં ભજનોમાં **શ્રીમદે** ખરેખર આત્મજ્ઞાન તથા વૈરાગ્ય ખુમારીની પરાકાષ્ટા કરી છે, તેમાં લગભગ ૨૦૦ ભજનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડેમી આઠ પેજી સળંગ છીંટનું કાપડી એમ્બોઝ પાકું પુઠું પૃ. ૨૦૦ કીંમત રૂ.૧

૪. **પત્રસદુપદેશ ભા. ૨**–આ ગ્રંથમાં શ્રીમદે જુદે જુદે સ્થળેથી જુદા જુદા વખતે મુમુક્ષુઓપર લખેલા આત્મજ્ઞાન સદુપદેશ–વૈરાગ્ય–અને કર્તવ્ય પ્રતિપાલનની સત્ય દિશા બતાવનાર ગંભિર વિચારોથી ઓતપ્રોત સરળ પણ પ્રૌઢ ભાષામાં લખાયલા સંખ્યાબંધ પત્રોનો સંગ્રહ છે. ડેમી આઠ પેજી સળંગ છીંટનું કાપડી એમ્બોઝ પાકું પુઠું પૃ. ૫૭૫ કી. ૧–૮–૦.

૫. **( ૧ ) શુદ્ધોપયોગ ( ૨ ) દયાગ્રંથ ( ૩ ) શ્રેણિકસુબોધ ( ૪ ) કૃષ્ણગીતા**—( ભેગા બાંધેલા ચાર સંસ્કૃત ગ્રંથો. ) જેમાં આત્મજ્ઞાનનો ઉપદેશ પદે પદે ઉભરાય છે. શ્રીમદ્દની રસાળ સંસ્કૃત ભાષા શૈલીથી અલંકૃત આ ગ્રંથ ડેમી આઠ પેજી છીંટનું કાપડી એમ્બોઝ પાકું પુઠું પૃ. ૧૮૦ કીં. ૦–૧૨–૦.

૬. **પૂજા સંગ્રહ ભા ૧**–આ ગ્રંથમાં શ્રીમદ્દની રચેલી નવપદ ( લઘુ તથા વૃહત ) વીશસ્થાનક, અષ્ટપ્રકારી, મહાવીર જન્મ જયંતી સત્તર ભેદી–સ્નાત્ર પુજા–( આરતીઓ ) વિગેરે વિવિધ પ્રાચીન અર્વાચીન સુરસ રાગોમાં આત્મજ્ઞાન ગર્ભિત–બોધદાયક ભાવથી છલકાતી ત્રેવીસ પૂજાઓનો અપૂર્વ સંગ્રહ છે. દ્રવ્યાનુયોગના રસીઆઓને અપૂર્વ આનંદ આ પૂજાઓમાં આવશે. રોયલ ૧૬ પેજી છીંટનું કાપડી સળંગ પુઠું પૃ. ૪૧૫ કીં. ૧–૦–૦.

૭. **ગુરૂગીત ગહુલી સંગ્રહ**–આ ગ્રંથમાં ગુરૂ મહાત્મ્ય–ગુરૂ ભક્તિનું શુદ્ધ સ્વરૂપ વિગેરે પદ્યમાં સુન્દર રીતે દર્શાવેલ છે. ડેમી આઠ પેજી પૃ. ૧૯૦ કીં. ૦–૧૨–૦.

૮. **સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય**—( બ્રીટીશ કેળવણી ખાતામાં શાળા તથા ઇનામ માટે મંજુર થયેલું. ) આ ગ્રંથમાં સાબરમતી નદીની જુદી જુદી રૂતુઓની સ્થિતિપરથી નીકળતો બોધ પદ્યમાં સુન્દર ઉપદેશક રીતે વર્ણવ્યો છે. ડેમી ૧૬ પેજી પાકું સળંગ છીંટનું પુઠું પૃ. ૨૦૦ કીંમત ૦–૬–૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બીજાં ઉપયોગિ મોટાં પુસ્તકો.

૯. **કર્મયોગ**—(બ્રીટીશ કેળવણી ખાતાએ શાળા-લાયબ્રેરી માટે મંજુર કરેલું.) સંસારના કાર્યો નિર્લેપપણે તથા નિષ્કામવૃત્તિથી કેવી રીતે કરી શકાય ? તેનું ઉત્તમ રીતે વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવેલ છે.

શ્રીમાન તિલકકૃત કર્મયોગ કરતાં પણ ઉચ્ચ કોટિનો કર્મયોગ વાંચવો હોય તો અથાગ પરિશ્રમ લઇ તૈયાર કરેલો પોતાનાજ મૂળ શ્લોક રચેલા તેનાપર ગહન ચર્ચા વિદ્વતા પૂર્ણ કસાયલી કલમે કરી આ કર્મયોગ જેવો ગહન વિષય એવો તો સુંદર રીતે પ્રતિપાદન કર્યો છે કે હરેક અભ્યાસી વાંચક તેને પૂર્ણ કર્યા વિના હાથમાંથી મુકશેજ નહિં. ડેમી આઠ પેજી સળંગ છીંટનું કાપડી પાકું પુઠું પૃ. ૧૦૧૫ કીં. રૂ. ૩-૦-૦.

૧૦. **ધાર્મિક ગદ્ય સંગ્રહ અને પત્ર સદુપદેશ ભાગ ૧**—આ ગ્રંથના પ્રથમ વિભાગમાં શ્રીમદ્‌ને વખતોવખત ઉદ્‌ભવેલા વિચારોનો સંગ્રહ (નિત્યનોંધ) સરળ સાદી પણ પ્રૌઢ ભાષામાં કરવામાં આવ્યો છે. બીજા વિભાગમાં ભિન્નભિન્ન સ્થળેથી જુદે જુદે પ્રસંગે મુમુક્ષુઓપર ઉપકારક દૃષ્ટિએ લખાયલા સદ્‌બોધદાયક પત્રોનો સંગ્રહ છે. ડેમી આઠ પેજી સળંગ છીંટનું કાપડી પાકું પુઠું સોનેરી નામ સાથે પૃષ્ટ ૯૭૬ કીં. ૩-૦-૦.

૧૧. **ભજનપદ સંગ્રહ ભા. ૮**—શ્રીમદ્‌નાં આત્મજ્ઞાન-વૈરાગ્ય-ત્યાગ તથા વ્યવહારના ઉપદેશનાં સુરસ ભજનોનો મહાસાગર ડેમી આઠ પેજી સળંગ છીંટનું પાકું પુઠું પૃ. ૯૭૬ કીં. રૂ. ૩-૦-૦.

**ભજન સંગ્રહ ભા. ૧**—(આવૃત્તિ પાંચમી) આ ગ્રંથમાં શ્રીમદ્‌નાં અધ્યાત્મ જ્ઞાનથી ભરપુર વૈરાગ્યવાળાં મસ્ત તંબુરા, મંજીરા, સિતાર, આદિ વાજીંત્રો સાથે ગાઇ શકાય તેવાં ભજનોનો સંગ્રહ છે. ડેમી આઠ પેજી પૃ. ૨૦૦ કિં. ૦-૮-૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવા છપાતા ગ્રંથો.

## નીચેના આ ગ્રંથો ટુંક મુદતમાં બહાર પડશે.

(૧) પૂજા સંગ્રહ ભા. ૨. (૨) લાલા લજપતરાય અને જૈનધર્મ. (૩) ચિન્તામણિ. (૪) ધ્યાન વિચાર તથા અધ્યાત્મ ગીતા. (૫) કન્યા વિક્રય નિષેધ. (૬) આત્મપ્રકાશ. (૭) આત્મશક્તિ પ્રકાશ. (૮) ક્ષમાપના (૯ શ્રીમદ્ યશોવિજયજી નિબંધ. (૧૦) મણિચંદ્રજી કૃત ૨૧ સજ્ઝાઓ. ભાવાર્થ સાથે. (૧૧) ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભા. ૨. (૧૩) જૈનધર્મ તથા ખ્રીસ્તી ધર્મનો મુકાબલો. (૧૪) સંઘ કર્તવ્ય, શોક વિનાશક વિગેરે. સંસ્કૃત ગ્રંથો—(૧૫) તત્વ વિચાર. (૧૬) જૈન ખ્રીસ્તિ સંવાદ. (૧૭) સત્ય સ્વરૂપ. (૧૮) મોટું વિજાપુર વૃતાંત, (૧૯) આત્મસમાધિ શતક (સંસ્કૃત), (૨૦) જૈન ધાર્મિક શંકા સમાધાન, (૨૧) શ્રીમદ્ દેવચંદ્રજી નિર્વાણ રાસ, (જીવનચરિત્ર), (૨૨) જૈન શ્વેતાંબર ગ્રંથ નામાવલિ (ગાઇડ) વિગેરે.

પુસ્તકો મળવાનાં ઠેકાણાં :—

**૧ વકીલ મોહનલાલ હીમચંદ.**
**પાદરા** (ગુજરાત).

૨ આત્મારામ ખેમચંદ
સાણંદ (જીલ્લે અમદાવાદ).

૩ ભાંખરીઆ મોહનલાલ નગીનદાસ
૧૯૨–૯૪, બજારગેટ કોટ—મુંબઇ.

૪ શેઠ નગીનદાસ રાયચંદ ભાખરીઆ
મહેસાણા.

૫ શેઠ ચંદુલાલ ગોકળદાસ, વિજાપુર.

૬ બુકસેલર મેઘજી હીરજી
પાયધુની—મુંબઇ.

લુહાણામિત્ર સ્ટીમ પ્રેસ વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શેઠ સારાભાઇ મગનભાઈ મોદી | રે૦ અમદાવાદ. | પે. વ. લાઇફ મેમ્બર |
| ૨ | શ્રીમતી ચંપાબેન હઠીસીંગ ( તે સારાભાઇના સુપત્નિ ) | ,, | ,, |
| ૩ | શ્રી રંઘોળા જૈન લાયબ્રેરી | રંઘોળા | બી. વ. લાઇફ મેમ્બર |
| ૪ | શા. કપુરચંદ ભાણજી | ભાવનગર | ,, |
| ૫ | શા. અમરચંદ બેચરદાસ | પાલીતાણા | પે. વ. વાર્ષિક મેમ્બર |
| ૬ | વકીલ વીરપાળ વર્ધમાન શેઠ | વિજાપુર | બી. વ. લાઇફ મેમ્બર |
| ૭ | શા. હરગોવનદાસ ડાહ્યાભાઇ | ભાવનગર | ,, |
| ૮ | મા. ત્રીભોવનદાસ હરખચંદ | ,, | ,, |
| ૯ | બદાણી ચત્રભુજ ધનજી | ,, | ,, |

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને મળેલી ઉત્તમ ભેટો.

હવે પછી થનારા લાઇફ મેમ્બરોને કેવો લાભ ખોવો પડશે તે આ ઉપરથી સમજાશે. જેથી આ સભામાં જલદીથી લાઇફ મેમ્બર થઇ વિના મૂલ્યે આવા સુંદર ગ્રંથો ભેટ મેળવી લાભ લેવાની જરૂર છે.

શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર રૂા. ૨–૦–૦ શ્રી આદર્શ જૈન સ્ત્રી રત્નો ૧–૦–૦

શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧, ૨–૦–૦

ઉપરના ત્રણ ગ્રંથો પોસ્ટેજ પુરતા વી. પી. થી ભેટ મોકલી આપવામાં આવ્યા છે. ઘણા લાઇફ મેમ્બર બંધુઓએ આવી સુંદર ભેટો આ સભાના સભાસદ થઇ મેળવવા માટે પોતાનો આનંદ–ખુશાલી પત્ર દ્વારા અમોને જણાવી છે જેથી સાહિત્ય સેવા માટે આ સભાને પણ આનંદ થાય તે સ્વાભાવિક છે. વળી આ સભાના લાઇફ મેમ્બરોને આપવાના ભેટના પુસ્તકો કાંઇપણ રકમ કાપ્યા સિવાય આપવામાં આવતા હોવાથી દર વર્ષે સારી સંખ્યામાં લાઇફ મેમ્બરો થયા કરે છે. સાહિત્ય અને વાંચનના અભિલાષીઓ માટે આ એક ઉત્તમ તકનો લાભ લેવા જલદીથી આ સભામાં લાઇફ મેમ્બર થઇ તેવા અપૂર્વ ગ્રંથોનો લાભ લેવા ચુકવું નહીં તેવી નમ્ર સુચના છે.

---

## વાંચનના પ્રેમી બંધુઓ માટે ખાસ નવા વાંચવા યોગ્ય ઉત્તમ ગ્રંથો.

૧ પંચપરમેષ્ઠી ગુણમાળા, ૧–૮–૦
૨ સુમુખનૃપાદિ કથા. ૧–૦–૦
૩ શ્રીનેમનાથ ચરિત્ર. ૨–૦–૦
૪ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો ૨–૦–૦
૫ શ્રીસુપાર્શ્વનાથચરિત્ર બીજો ભાગ. ૨–૮–૦
૬ સમ્યકત્વ કૌમુદિ અનેક કથાનો સંગ્રહ ૧–૦–૦
૭ શ્રી પંચપ્રતિક્રમણ વિધિ સહિત વાંચી જવાથી ઘેર બેઠા થઇ શકે છે. ૨–૦–૦
૮ શ્રીજંબુસ્વામી ચરિત્ર આદર્શ મહાપુરૂષ ચરિત્ર. ૦–૮–૦
૯ શ્રી ચંપકમાલા સતી ચરિત્ર–આદર્શ સ્ત્રી ચરિત્ર. ૦–૮–૦
૧૦ સંબોધસિત્તરી–જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. ૧–૦–૦
૧૧ શ્રી ઉપદેશ સપ્તતિકા ઇતિહાસિક કથા ગ્રંથ. ૧–૦–૦
૧૨ શ્રી વિવિધ પૂજા સંગ્રહ ( તદ્દન નવીન પૂજાનો સંગ્રહ. ) ૨–૦–૦
૧૩ આદર્શ જૈન સ્ત્રીરત્નો. ૧–૦–૦

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંપૂર્ણ શાન્તિ.

' પરમાત્મા શાન્તિના અગાધ સાગરરૂપ છે અને તેથી જે પળે આપણે પરમાત્માની સાથે આપણું ઐકય અનુભવીએ છીએ તે પળે આપણામાં પણ શાન્તિનું પૂર વધવા લાગે છે. કારણ કે જ્યાં શાન્તિના સાથે એકતા છે ત્યાં શાન્તિ રેલાવી જ જોઇએ. દૈવી અંતઃકરણવાળા બનવું એજ સત્ય જીવન અને યથાર્થ શાન્તિ છે. એવા દૈવી અંતઃકરણ દ્વારા જ પરમાત્મા સાથે વધુ ને વધુ એકતાનો અને તેના સાથે પૂર્ણ શાન્તિનો પણ અનુભવ થશે.

ચારે બાજુએ નજર ફેંકતાં આપણને જણાય છે કે લાખો સ્ત્રી-પુરૂષો ચિંતામાં ડૂબી રહેલા છે અને શાન્તિના વાયુનો તેમને સ્પર્શ પણ થતો નથી. મનથી, શરીરથી તેમજ બાહ્ય સ્થિતિથી કંટાળીને શાન્તિ મેળવવાને માટે તેઓ અનેક સ્થળે ફરે છે અને સમગ્ર પૃથ્વીનું પર્યટન કરે છે, તોપણ તેમનો સર્વ પ્રયત્ન વ્યર્થ જ જાય છે. તેમને શાંતિ મળી નથી અને મળશે પણ નહિ; કારણ કે જે સ્થળમાં તે નથી ત્યાં તેઓ તેને શોધે છે. શાન્તિનું સ્થાન તો અંતરમાં જ છે. અને જો શાંતિ ન શોધાઇ તો બીજે કોઇ સ્થળે તે કદી પણ મળી શકનાર નથી.

શાન્તિ બાહ્ય પદાર્થો કે જગતમાં નથી. તે તો પોતાના આત્મામાં જ રહેલી છે. તેને બહારથી મેળવવાને માટે આપણે ગમે તેટલા માર્ગો ગ્રહણ કરીએ. નાના પ્રકારના બાહ્ય ભોગ ભોગવીએ, બાહ્ય વસ્તુઓમાં અને સ્થળોમાં તેને શોધીએ અને કદાચ જગતના દરેકે દરેક સ્થળમાં ખોળીએ તોપણ તે આપણને મળનાર નથી. કારણ કે જ્યાં તે છે જ નહિ, ત્યાંથી તે કેવી રીતે મળી શકે ? એને માટે તો મનુષ્ય જે પ્રમાણમાં પોતાની ઉપભોગની ઇચ્છા અને વાસનાઓને સંયમમાં રાખી પોતાના અંતરાત્માના આદેશ પ્રમાણે વર્ત્તે છે તે પ્રમાણમાં જ સફળ થઇને તે સત્ય આનંદ અને યથાર્થ શાન્તિ અનુભવી શકે છે. એમ કરવાને બદલે **મનુષ્યો જેટલા પ્રમાણમાં વાસનાઓના આદેશ પ્રમાણે વર્તે છે તેટલાજ પ્રમાણમાં તેઓ અધિક રોગી, અધિક દુઃખી અને અધિક અસંતોષી બને છે.** ઇશ્વરની સાથે ઐકય સમજવામાં અને અનુભવવામાંજ શાન્તિ રહેલી છે....... જે મનુષ્યોએ અનંત શાન્તિસ્વરૂપ પરમાત્મા સાથે ઐકય જાણ્યું અને અનુભવ્યું છે તેઓના જીવનમાં આનંદ ઉભરાઇ જાય છે."

પ્રભુમય જીવનમાંથી

For Private And Personal Use Only